વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫. ૨૦૬૭

ગુર્જર આસો વદ ૫. ૨૦૬૬

।। श्रीगोकुलेशो जयति ।।

શ્રીગોકુલેશ પાઠશાળા – વિશેષ અંક

શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ – કલ્લોલ ૯

श्रीगोकुलनाथ बड़े महाराज,
तिलक मालकी राखी लाज ।
दिल्लीपतिकौ परचौ दियौ,
भक्त मनोरथ पूरण कियौ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીમાલોદ્ધાર પ્રસંગ

નિવેદન

શ્રીગોકુલ કેરો રાય, શ્રીવ્રજમાં કરે વિહાર;
નિજ-જનના વરણના કારણ, લિધો ભૂતલ પ્રાગટ્ય ઉપહાર. ૧
જે શોભા શ્રીમુખ માધુરી ઝલકે, જે મુખ કમલ શ્રીતિલક બિરાજે;
ઉર પ્રદેશ સુંદર સુખ રાજે, ત્યાં બિરાજે શ્રીમાલા સુખ કાજે. ૨
શ્રીમાલા-તિલકની શોભા, નિત્ય છે દિન રાત;
ઉર-લલાટ નિત્ય બિરાજે, સંગે અખિલ ભુવનના નાથ. ૩

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક વૈષ્ણવોને જૈ જૈ શ્રીગોકુલેશ.

આપણે ગોપાલદાસભાઇ વ્યારાવાળાએ અનુભવેલ શ્રીમાલોદ્ધાર પ્રસંગનું નિદર્શન ગોપાલદાસભાઈએ ૭માં કલ્લોલથી પ્રારંભ કર્યો છે. જે આપણે ૮માં કલ્લોલમાં પણ જોયું. આ એક અદ્ભૂત, ઐતિહાસિક, ગંભિર પ્રસંગ છે, જે આપણા સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણે અતિ પરિશ્રમ કરી શ્રીમાલા-તિલકની લાજ રાખી. આ પ્રસંગ આપણને આદેશ પ્રદાન કરે છે કે જે પરિશ્રમ આપશ્રીએ કર્યો છે, તે પરિશ્રમનું ફલ તો એજ છે કે આપણે પણ શ્રીમાલા-તિલકનું રક્ષણ કરીએ અને સદૈવ પોતાના શરીર પર ધારણ કરીએ.

શ્રીમાલા-તિલક તો વૈષ્ણવી શોભા છે. ગોપાલદાસભાઈએ શ્રીગોકુલેશ પ્રભુ દ્વારા વ્યક્ત શ્રીમાલા-તિલકના સ્વરૂપનું વર્ણન આપણે કલ્લોલ ૭માં જોઇ આવ્યાં છીએ, કલ્લોલ ૮માં આપણે નિજભક્તો પર સામા પધારી કૃપા વર્ષાવી છે, જે આપણા સૌની માટે અવશ્ય મનનનીય છે. આઓ, હવે આપણે આગળ ૯માં કલ્લોલ સમજીએ.

શ્રીનાથજીસો પ્રીત રાખી, આચાર્ય રીત રાખી હૈ
ધર્મકી પ્રતીત રાખી, રાજ રીત રાખી હૈ
કુલકી મરજાદ રાખી, ભક્તનકી લાજ રાખી,
ભક્તિ સિંધુપેં પાજ બાંધી, ટેક દૃઢ રાખી હૈ
કહત ગહર ગોપાલ ખાખી, મુખ ધૂર નાખી,
આખી ભૂમિ જાકી, વાહ વાહ ભાખી,
ચારોં વેદ સાખી, શુક પુરાનન ભાખી,
તુલસીકી માલા, શ્રી ગોકુલેશને રાખી હૈ.

ભાવત્ક :- દાસ ગોપાલ અને જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

મઠપતિ કલ્યાણ ભટ્ટ

વિરચિત

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત

કલ્લોલ ૯

તરંગ ૧

શ્રીગોકુલેશ પ્રભુચરણનો શ્રીગોકુલ ત્યાગ વિચાર :

સર્વદા સેવ્ય અદ્વિતીય અધિરાજ શ્રીગોકુલેશ પ્રભુ શ્રીયમુનાજી પધારી, ત્યાં કિનારે ભક્તો સહિત બિરાજી રહ્યાં હતા, ત્યારે શ્રીયમુનાજીએ એકાંતમાં કરુણાસાગરને વિજ્ઞપ્તિ કરી કે આપ શ્રીગંગાજીના તટ પર થોડાક દિવસ બિરાજો. આ સમયે શ્રીયમુનાજી કરુણાથી સમુચ્છલિત થતાં હતાં અને શ્રીગોકુલેશ પ્રભુથી પોતે વિયુક્ત થવાનાં હતાં તે વિરહક્લેશને પોતે મનમાં લાવ્યા નહિ. આ વાત પહેલાં નિવેદિત કરી જ હતી તેથી સત્ય પ્રતિજ્ઞ શ્રીપ્રભુએ તે વિજ્ઞપ્તિ સ્વીકારી. તેથી પોતાને ઘરે પધારીને મ્લેચ્છસમ્રાટએ કરેલી વિનંતીને જાણે અનુસરવા માટે મથુરા નામના જોષીને બોલાવ્યા અને સુરસરિતા શ્રીગંગાજીને કૃતાર્થ કરવા માટે પોતાની શૂકરક્ષેત્રની યાત્રાર્થે કારતક સુદ પાંચમે પધારવાનું નક્કી કર્યું. શૂકરક્ષેત્ર (સોરમજી) તરફ પ્રસ્થાન કરવા માટે તૈયાર થયેલા પ્રભુને જોતાં ભક્ત વૈષ્ણવો, મિત્રો, સ્વજનો, જ્ઞાતિજનો અને બીજા કેટલાક તેમની પાછળ જવા તૈયાર થયા.

પ્રિયતમ પ્રભુએ માર્ગમાં સહન કરવાં પડતાં કષ્ટો વગેરે વર્ણવી તેમને સાથે આવવા ના કહી; પણ જ્યારે તેમણે ના માન્યું, ત્યારે પોતે તેમને અનુમોદન આપ્યું. પાંચમે પોતાના સેવ્ય સ્વરૂપની રાજભોગ પર્યંતની સેવાથી પહોંચી, સર્વ સ્વજનો સાથે ભોજન કર્યું. પછી બધાં જ્ઞાતિજનોને જે માસિક દ્રવ્ય આપવાનું હોય તેની અને તેમના બધા નિર્વાહની પોતે વ્યવસ્થા કરી; ત્યાર બાદ વાહન, શિબિર આદિની જરૂરી વ્યવસ્થા જલ્દીથી કરી, જ્ઞાતિજનોને બહુ ધન આપ્યું, પછી નિ:સીમ કૃપાથી વિપ્રોને વિવિધ પ્રકારનું વિત્ત, ગાયો, વસ્ત્રો, સુવર્ણ અને રત્નોનું દાન કર્યું, અને બધાંને વિદાય કરી પોતે બૃયદ્‌વન (મહાવન) જઇ

બિરાજ્યા. લોકરીત પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીગોકુલને છોડ્યું હતું, પરંતુ આધિદૈવિક શ્રીગોકુલ તો પ્રિયતમ પ્રભુની સાથે જ હતું અને પ્રભુએ તેને અનુમોદન પણ આપ્યું હતું. પણ જે આધિભૌતિક શ્રીગોકુલ હતું, તેણે નિજભક્તને વિનંતી કરી કે પોતે શ્રીગોકુલેશ પ્રભુની સાથે લે, ત્યારે તે ભક્તએ સમાધાન કર્યું કે હે શ્રીગોકુલ! શ્રીગંગાજી અને શૂકરક્ષેત્રના તથા ત્યાંના નિવાસી પોતાના પ્રિય ભક્તોના મનોરથોને પૂર્ણ કરી, શ્રીગોકુલેશ પ્રભુ પાછા પધારી, તમારો આદર કરશે.

પછી તમારું આધ્યાત્મિક રૂપ છે તેને પોતાના નિવાસ દ્વારા કૃતાર્થ કરશે. એટલે હમણાં અલૌકિક લીલા રસથી પૂર્ણ પ્રાણનાથની સાથે જવાનો આગ્રહ તમે આગ્રહ કરશો નહિં. એથી શ્રીગોકુલને સંતોષ થયો. જ્યાં ઈશ્વરેશ્વર બિરાજ્યા, ભક્તોના તંબુ તાણ્યા, તે તે સ્થાનો મહાનગર જેવાં બની અનંત શોભાથી શોભવા લાગ્યાં. કીર્તન ગાન, નૃત્ય, પાઠ, હર્ષ, હાસ્ય-વિનોદ વડે આનંદિત ભક્તો, ગાયો, હાથી, ઘોટા, રથ ઊંટો, ગાડાં, વિવિધ માળીઓ, વણિકોના સમૂહો, ગાંધી, તેલી, હજામ, ધોબી, વગેરે વડે ત્યાં મોટું બજાર જેવું બની જતું. ગોપ-ગોપીઓ, હરિકથા, સદૈવ શ્રીનાથજીના સંપૂર્ણ સેવા પ્રકાર વડે, અલૌકિક પ્રેમ, ગુણપ્રકર્ષ, શોભા, સુષમા, પુણ્ય, સૌંદર્યરાશિ, વિપ્રો, સ્વજનો અને જ્ઞાતિજનો, બાળક યુવાન અને યુગલો સહિત સુંદર નૃત્ય-ગાનથી પ્રબોધિની એકાદશીએ શ્રીગોકુલેશ પ્રભુએ જાગરણ કર્યું અને તે સ્થાનના પોતાના ભક્તોને કૃતાર્થ કર્યા. ત્યાં સાત દિવસ બિરાજી કાલિન્દીજીને પ્રિયતમે આનંદ આપ્યો અને પારણાં કરી દ્વાદશને દિવસે કૃપાસાગરે બ્રહ્માંડ તીર્થને પોતાના નિવાસથી વિભૂષિત કર્યું.

પોતાના જન્મસ્થળ પ્રયાગમાં રહીને તે જે શ્રીગંગાજી તરફ શ્રીગોકુલેશ પ્રભુએ કરુણા બતાવી છે, તે શ્રીગંગા સખીભાવથી જે શ્રીયમુનાજી એકદમ ઉછળતાં વિલીન થયાં છે, તે શ્રીયમુનાજીના જળનો સ્વીકાર કરીને અને તેમનાં જળમાં સ્નાન કરીને પ્રીતિપૂર્ણ ચિત્તવાળા શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીયમુનાજીને રોમાંચ આપ્યો. મ્લેચ્છ સમ્રાટના તે પત્રની રાહ જોવાને બહાને પોતે ત્યાં ૨૦ દિવસ બિરાજ્યાં. અહીં અત્યંત કુટિલ, મૂર્ખ અને લજ્જાહીન સંન્યાસીએ (ચિદ્રૂપ)એ વિચાર્યું કે શ્રીગોકુલપતિ શ્રીગોકુલ છોડી નિકળ્યાં છે તો હું તેમને થોભાવી દઉં; તેથી મારી પ્રતિષ્ઠાની અભિલાષા સિદ્ધ થશે (મારી લાજ રહેશે); કેમકે શ્રીગોકુલનો ત્યાગ કરવાનું તેમણે સ્વીકાર્યું હોવા છતાં, ખરેખર શ્રીગોકુલ ત્યાગ કર્યો નથી, એ વાત બાદશાહ જાણશે અને તેથી બાદશા તેમના પર ક્રોધ કરશે.

એમ થાય તે માટે તે સંન્યાસીએ મથુરાનાં ચૌધરીઓ અને પોતાના અનુરક્ત સેવકોને શ્રીગોકુલેશ પ્રભુ પાસે મોકલ્યા. તેમણે પ્રભુ પાસે જઇ, દંડવત્ પ્રણામ કરી કહ્યું: હાથ જોડીને પરમ પ્રભુ, આપને તે સંન્યાસી વિનંતી કરી છે કે આપ કાશ્મીર જવા-આવવાનું કષ્ટ સહ્યું તેથી હું અનુતાપ પામું છું, પશ્ચાતાપ કરું છું, તો દયા કરી ઘર અને ગામનો ત્યાગ કરી આપ સુદૂર (શૂકર) ના પધારશો; અહીં જ બિરાજો; હું પ્રસન્ન છું, હું હવે કશું જ નહીં બોલું. એ અર્થનો એક પત્ર હું મ્લેચ્છપતિને લખીશ. તે મારે વશ છે, તો તમે તેનાથી જરાય ડરશો નહિ. એ પ્રમાણે તે મથુરાવાસીઓએ કહ્યું ત્યારે આક્ષેપ કરી ઈશ્વરેશ્વર જળપૂર્ણ મેઘના ધ્વની જેવી ગંભીર, સાચી તથા ઊર્જિત વાણી બોલ્યા : કે એ સંન્યાસી કોણ છે? તમારાએ સંન્યાસીને અમે કાંઇ કદીએ ગણકારતા નથી.

એ પાપી અને પાખંડી કોઇ પણ ઠેકાણે છે કે નહિ તે અમે વિચારતા નથી. શું એના વચનથી અમે શ્રીગોકુલથી પ્રયાણ કર્યું છે? શું અમે એનું કહેલું કદીએ માનીએ છીએ? દેશપતિ સાથે તે સમયે જે મધુર સંવાદ (વાર્તાલાપ) થયો તે વખતે બાદશાહની પ્રાર્થનાથી અમે શ્રીગોકુલ ત્યાગનો વિચાર કર્યો છે, તે અમે અમારી સ્વેચ્છાથી કરીશું; તેમાં અમે કોઇને કશું પૂછતા નથી, કશું કોઇનું સાંભળતાં નથી કે અમે ઇચ્છતા નથી. નથી અમે કોઇની પ્રસન્નતા ઇચ્છતા કે નથી કોઇના ક્રોધથી અમે ત્રાસ પામતા. એ દેશપતિને શું લખશે? તે દુર્બુદ્ધિવાળા કોની પાસે અને કોને માટે પત્ર લખાવશો?

'બંસીના નાદ સાથે થતા મધુર કટાક્ષોથી મારા પર કૃપા કરો; તમે પ્રસન્ન થયા, તો અમારે બીજાનું શું કામ? તમે પ્રસન્ન ન થયા હો, તો પણ બીજાઓનું અમારે શું કામ? એવા શ્લોકો રૂપ કર્ણામૃતથી શ્રીમદ્ ગિરિરાજધરણની મધુર લીલાઓમાં સદા અમે અમારા ચિત્તને જોડીને છીએ. શ્રીગિરિધારીને લીલાઓમાં જ અમારું ચિત્ત રમે છે, તો એવા પાપીની પ્રસન્નતા કે અપ્રસન્નતાની અમને કોઇ દરકાર નથી. તો તમે શીઘ્ર જાઓ અને જઇને તેને આ પ્રમાણે કહો'.

સ્નેહ વાત્સલ્ય ભાવ જુત, દરશત્વે ટેક વિવેક ।

પાતિવ્રત અનન્ય મન, નાગર વલ્લભ એક ।।

દ્રઢતાઇ શું રાખીએ, ધીરજ ચિત્ત વિચાર ।

શ્રીગોકુલેશ કરી પેંજ જ્યોં, માલા તિલક પ્રકાર ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો પહેલો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ બીજો શરૂ થાય છે ।।

તરંગ ૨

શ્રીગોકુલેશ પ્રભુચરણનો શ્રીગોકુલથી પ્રયાણ :

એ પ્રમાણે ત્રણે જગતના પતિ શ્રીગોકુલેશ પ્રભુનાં વચન સાંભળી તે ચૌધરીઓ આદિ મથુરાવાસીઓ તેમને વારંવાર પ્રણામ કરી, તે પાપીની પાસે ગયા અને પ્રભુએ કહેલાં વચન કહીં સંભળાવ્યાં; ત્યારે તે કુબુદ્ધિવાળો સંન્યાસી ઝાંખો પડી ગયો ને ક્રોધ કરીને પોતાના માણસોને તેણે કહ્યું કે મ્લેચ્છપતિને મળવાનું થતાં હું તેમનું જે કરીશ તે તમે જોજો. તેના આ શબ્દો મથુરાના પંડ્યા નામના જોષીએ મથુરાથી શ્રીગોકુલેશ પ્રભુ પાસે જઇને તેમને કહીં સંભળાવ્યા, ત્યારે હસતા મુખારવિંદથી પોતાના ભક્તો પર અમૃતની વર્ષા કરતાં કરુણાનિધિએ કહ્યું કે જો તે દેશપતિને મળી શકશે, તો તેના મનમાં આવશે તે કરશો; પણ નહિ મળી શકે, તો તે શું કરશે? દયાનિધિ ભગવાન ધર્મપરાયણ બાદશાહ સાથે તે ક્રૂર સંન્યાસીનો સંગમ જ નહિ કરાવે. તે વખતે ત્યાં

બ્રહ્માંડઘાટમાં જય જય શબ્દ થયો; મંગલ ગીત ગવાયાં, દુંદુભિનાદ, મણિના ઝાંઝરના ઝંકાર અને કંકણ તથા કંદોરાના કલકલ નિનાદ થયા; વીણા અને વેણુના સુમધુર સ્વરો પ્રગટ્યા, મુરજ વગેરે વાદ્યોના મંજુલ ધ્વનિ થયા, ગોમુખ, મૃદંગ સારંગી, ભેરી અને તાલનો ધ્વનિ થઇ રહ્યો, ચારણોનાં સ્તવન થયાં, બ્રાહ્મણો દ્વારા વેદનિર્ઘોષ થયો, અશ્વવૃંદો હણહણ્યાં, હસ્તિસમૂહે ઊંચો નાદ કર્યો, શ્રીનાથજીની આરતી વખતે ઝાલરના ઝંકાર થયા, અને તે તે સમયે શંખનાદ પણ થયા.

એ બધો નિનાદ (ઘોષ) ક્ષણે ક્ષણે તે અધમયતિના કાનમાં પ્રવેશી તેના મન અને ગાત્રને પ્રલયના અગ્નિની જેમ બાળવા લાગ્યો અને ભસ્મીભૂત કરવા લાગ્યો. હવે તે સમયે શ્રીગોકુલેશજીને શ્રીગોવર્ધનધારી શ્રીનાથજીનાં મુખદર્શનની અત્યંગ ઉત્કંઠા થઇ, અને શ્રીગોકુલેશ પ્રભુ પોતે બહુ દૂર જતા હોવાથી તેમના વિયોગથી શ્રીગોવર્ધનનાથજીની પણ અત્યંત ઉત્કંઠા વિચારી, વિલક્ષણ શ્રીગોકુલેશ પ્રભુ શ્રીયમુનાજીનો તે ઘાટ છોડી, ગડાવ ઘાટ પર જઇ, શ્રીયમુનાજી પાર કરી, ગોવર્ધનપર્વત પર પધાર્યા, અને શ્રીગોવર્ધનધારીનાં દર્શન કરી પોતાના તથા શ્રીગોવર્ધનધારીના ભાવથી યોગ્ય સેવા કરી પાછા શિબિરમાં પધાર્યા, ત્યાંથી આગળ પ્રસ્થાન કરવા તેઓશ્રીએ વિચાર કર્યો. ત્યારે કેટલાક સેવકોએ કહ્યું કે : હે શ્રીગોકુલેશ મહાપ્રભુ, શૂકરક્ષેત્રમાં આપ નિવાસ કરો, એ વાતને અનુમોદન આપતો દેશપતિઓનો પત્ર હજુ આવ્યો નથી, તો આપ તેની રાહ જુઓ. એ સાંભળીને ભગવાન શ્રીગોકુલેશે હસતા મુખારવિંદથી તેમણે કહ્યું કે તે પત્ર આવશે, પ્રતિક્ષા કરાનો શો અર્થ ? આપણે જલ્દીથી પ્રસ્થાન કરવું જોઇએ. તે સમયે રામરત્ન નામનો એક મિત્ર અને શ્રેષ્ઠ નર્તકે પ્રિયતમ શ્રીગોકુલેશના વિયોગના ભયથી પ્રભુને વિનંતી કરી કે અમે અહીંયા રહીએ છીએ અને પ્રાણનાથ, આપતો અમે અને વ્રજને છોડીને પ્રસ્થાન કરો છો, તો અમે શું કરીએ ?

ત્યારે પ્રિય શ્રીગોકુલપતિએ સ્પષ્ટ કહ્યું કે તમે ડરશો નહિ; આ વ્રજ અમારો ત્યાગ કરવું નથી, કે અમે વ્રજનો ત્યાગ કરી શક્તા નથી; અમે તો વ્રજના આશ્રયે છીએ, વ્રજમાં અમારો સદા વાસ છે જ. પછી માગસર સુદ બીજને ગુરુવારના દિવસે રાજભોગ પર્યંત શ્રીપ્રભુની સેવાથી પહોંચી, પોતાના સઘળાં સેવકો સાથે પ્રસાદ લઇ દુંદુભિના જયનાદ સાથે શ્રીગોકુલેશ પ્રભુએ બ્રહ્માંડઘાટથી પ્રસ્થાન કર્યું, સૌંરવ નામના ગામમાં નિવાસ કર્યો. ત્યાં રાત્રિનો છેલ્લો પ્રહર બાકી રહ્યો ત્યારે સ્નાન કરી શ્રીપ્રભુની સેવા કરી, રાજભોગ પહોંચી, પ્રભુએ ત્યાંથી પ્રસ્થાન કર્યું અને દ્વાર ગામના તળાવ પર ડેરા નાખ્યા. ત્યાં એ ગામના, અને અન્ય ગામોના નિવાસીઓ આવ્યા અને તેમણે વિશ્વવંદ્ય પ્રભુને પ્રણામ કર્યો. કૃપાસાગર શ્રીગોકુલેશજીએ અમૃતસમાન વચનો, પ્રસાદ અને વસ્ત્રો વડે તેમનું સમાધાન કર્યું અને પછી આગળ ચાલી ત્રીજને દિવસે રાહતપુરના મનોહર તળાવ પર નિવાસ કર્યો. ચોથને દિવસે પહેલાંની જેમ પ્રસ્થાન કરી પ્રિયતમ અકબરાબાદ નામના ગામમાં સુખપૂર્વક બિરજ્યા; ત્યાંના ચંદ્રતાલ નામના તળાવ પાસે પોતાના સુંદર ડેરામાં ગુણસાગર શ્રીગોકુલેશ પ્રભુ પોતે બિરાજી રહ્યાં હતાં, ત્યારે ગંભીરા નામના ગામના બલવાન અને પ્રખ્યાત આલમરાય નામના મુખીએ સઘળાં સ્વજનો સહિત આવીને પ્રેમપૂર્વક પ્રિયતમને પ્રણામ કર્યા.

તેની એક પ્રિયાએમૃદંગ વગાડીને ત્યાં સુમધુર ગાન કર્યું; એના ગાનથી પ્રભુ સંતુષ્ટ થયા અને તેથી અત્યંત પ્રશંસા કરી. કૃપાબ્ધિ પ્રભુની ઘરે જવા માટે રજા લઇ તે પ્રિયાની સાથે જ શરમ રાખ્યા વિના ઘોડા પર સવાર થઇ તે ચાલ્યો ગયો; તે જોઇને પ્રભુ તેનો દોષ મનમાં લાવ્યા નહિ, પણ કેવળ સ્મિત કર્યું; અને પોતાના સેવકોને કહ્યું કે આ મોટો માણસ પણ આ પ્રમાણે કરતાં લાજતો નથી, તો એના કરતાં બીજું શું આશ્ચર્ય ? પ્રિયતમ પ્રભુ પાંચમે અકબરાબાદથી નીકળી માર્ગમાં આવતા સાહગઢ નામના

ગામ પાસે આવ્યા. ત્યાં કેટલાક મૂર્ખ માણસો પ્રભુનું લાવલશ્કર જાણે ચતુરંગ સેના હોય તેમ માની નાસી જવા લાગ્યા; તેમાંના કેટલાક મૂર્ખાઓ તો બંદૂકો અને ગોફણો વડે લડવા માટે તૈયાર થઇ ગયા. આગળ પાછળ જોઇને અને કૃપાપાત્ર વૈષ્ણવોના વચનથી, જે લોકો પહેલાં ભાગી ગયા હતા, તેઓ ગોકુલપતિ પુરુષોત્તમ પ્રભુને શરણે આવ્યા.

એમાં આલમરાયના ભાઇનો અતિભાગ્યવાન પુત્ર વીરભદ્ર નામનો હતો; તેણે પ્રભુની પાસે આવી, બ્રહ્માને પણ અપ્રાપ્ય જેની ચરણરજ છે, એવાં પ્રભુનાં ચરણકમલમાં પ્રણામ કર્યાં. ભગવાન શ્રીગોકુલપતિએ તેને કેટલીક વાતો અનુગ્રહપૂર્વક પૂછી અને પ્રભુ પ્રત્યેના પ્રેમ અને વિનયભાવથી પ્રકાશતા તે વીરભદ્ર તેનો ઉત્તર આપ્યો. એ ગામની પાસે જે દીવડી નામનું ગામ હતું, તે ગામમાં કોઇક એક ભિક્ષુણી હતી; તે પ્રભુનું વારંવાર નામ લઇને કંઇક માગવા માટે તેમની પાસે આવી. તેને જોઇને રસિકોના અગ્રણી ભગવાને હસતા વચનકમળથી કહ્યું કે તમને વિધ્વાઓને શું હવે પતિ વહેંચી આપું ? એમ કહી સરસ વિનોદ કર્યો. એ સાંભળીને બધા ભક્તો, બંધુઓ, અને સ્વજનો પણ સ્ત્રીઓ અને લોકો તથા તે ભિક્ષુણી પણ હર્ષના સમુદ્રમાં ડૂબી ગયાં. તેના મનોરથથી ય અધિક તે ભિક્ષુણીને આપીને શ્રીગોકુલપતિ કાલી નદી પાર કરી, ગંધેરી નામના ગામના ગોંદરે આવી પહોંચ્યા. તે વખતે પ્રભુનાં તેલ ભરેલાં વાસણોમાંથી પુષ્પસુગંધયુક્ત તેલ રેડાઇ ગયું અને ચારે દિશાઓ સુગંધિત થઇ ગઇ. ત્યાં લાખોની સંખ્યામાં 'હું પહેલો, હું પહેલો' એ પ્રમાણે ઊડતા ભમરાઓની જેમ લોકો ત્યાં મંડરાવા લાગ્યા, અને બહુ આશ્ચર્યથી તેઓ કહેવા લાગ્યા કે આ કેવું સુગંધીદાર તેલ છે ! તેમને જોઇને પ્રભુને મધુર સ્મિત કર્યું.

વિવેક લીયે ચિત્ત ચાતુરી, નાગર ધીરજ સ્નેહ ।

અનન્યતા જુત આશરો, રાખીયે તજત લો દેહ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો બીજો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રીજો શરૂ થાય છે ।।

તરંગ ૩

શ્રીગોકુલેશ પ્રભુચરણનો શૂકરક્ષેત્ર પધારવું અને મહોત્સવ કરવો :

પછી આપશ્રી ઢોલણ ગામમાં પધારી ત્યાં નિવાસ કર્યો. પછી માગશર સુદ છઠ્ઠ (ધન ધન છઠની રાત) દિવસે એક પ્રહર દિન ચઢ્યો ત્યારે પ્રભુએ પોતાના સ્વરૂપથી શૂકરક્ષેત્રને વિભૂષિત કર્યું. તે વખતે દેવ નદી ગંગાજી, વરાહદેવ, ત્યાંના પુરુષો અને સ્ત્રીઓ અત્યંત પુલકિત થયાં અને હર્ષસાગરમાં ડૂબી ગયાં. પછી નિવાસથી યોગ્ય સ્થળની પરીક્ષા માટે જગદીશ્વર ઘોડેસવાર થઇ અનેક ભક્તોની સાથે જુદાં જુદાં સ્થળોમાં ફરીને તે તે પ્રદેશને પુનીત કર્યો. તેવામાં શ્રીગંગાજીની પાસે જ સરોવર અને સાલવૃક્ષોવાળું એક સ્થળ શ્રીગોકુલપતિએ જોયું અને પ્રસન્ન થયા અને ત્યાં જ પોતાનું શ્રીગોકુલ વસાવ્યું. શ્રીગંગાજીનો ઊંચો

કિનારો જોઇ પોતાના સેવકોને આજ્ઞા કરી કે અહીં ખોદકામ કરી શ્રીગંગા પ્રતિ સુગમ માર્ગ બનાવો. અનેક ભક્તોએ એક સાથે કામે વળગી સત્વર તે પ્રમાણે કર્યું. ત્યારે તેમની બે પ્રકારની શીઘ્રતા જોઇને પ્રભુ સંતુષ્ટ થયા અને તે પ્રદેશ થોડા વખતમાં એક મોટા નગર જેવો દેખાવા લાગ્યો, અને પ્રાણાધીશની ઇચ્છાથી તે પ્રદેશને શ્રીગોકુલ નામ મળ્યું.

અહીંયા શૂકરક્ષેત્રમાં કાર્ય કરતો ડુંગરજી નામનો રાજપુત્ર હતો, તે પોતાના યોદ્ધા અને ચૌધરી તથા જમીનવાળાઓ સાથે આવ્યો અને પ્રભુને પ્રણામ કર્યા. અહીંયા બ્રાહ્મનો, વૈશ્યો, ક્ષત્રિયો, વણિકો, શુદ્રો, પુરોહિતો, સર્વ વૈરાગી, યતિ અને બ્રહ્મચારીઓ તથા સ્ત્રીઓ તેમના હસતા સુંદર મુખકમલનું દર્શન કરી કૃતકૃત્ય થયા. વાત્સલ્યથી પ્રેરિત થઇ તેમણે કહ્યું કે હે પ્રભુ, આટલી સંપત્તિ સહિત આપ અહીં કેવી રીતે નિવાસ કરશો? અહીં સુરકી સુરકી નામથી જાણીતો અને ગુરાહર નામનો ચોરી કરવામાં તત્પર એવા દુષ્ટો વસે છે; તેઓ શૂરવીર, શસ્ત્રાસ્ત્ર ધારણ કરનારા, બધા પ્રકારના ઉપદ્રવ કરનાર, સર્વ કોઇનું સર્વ કાંઇ લૂટી લેનારા છે અને હંમેશા બધાંને કષ્ટ આપે છે. શ્રીગોકુલેશ પ્રભુએ તેમને કહ્યું કે તેઓ યવન તો નથીને? યવનથી પણ ન ડરનારા અમને તેઓ શું કરશે? ગિરિરાજધારણ કરનાર પ્રભુ સર્વત્ર અને સર્વદા પોતાના ભક્તોની રક્ષા માટે જાગ્રત છે જ; તેથી અમને લેશ જેટલી પણ ચિંતા કરતા નથી.

શ્રીભગવાન પોતાનાં સ્વજનો સહિત ત્યાં રહી દર્શન આપીને અને પોતાનાં ચરણો વડે તે પૃથ્વીને, શ્રીગંગાજીને અને ઋષિઓને કૃતકૃત્ય કર્યા. હસ્ત, ચરણકમળ, અને શ્રીઅંગસમૂહનો સ્પર્શ પામી તે ગંગાજી સર્વોપરિ શોભાને પ્રાપ્ત થયાં. પરાત્પર અને સર્વધર્મધુરંધર પ્રભુ શાસ્ત્રોક્ત વિધિથી ત્યાં સ્નાન, દાનાદિક કર્યું, પછી શ્રીપ્રભુના મંદિરમાં પધરારી, શયન આરતી સુધીનું સેવાકાર્ય કરી પોતે સુખપૂર્વક શયન કર્યું. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી આવશ્યક આહ્નિક કર્મ કરી, શ્રીગંગાજીમાં સ્નાન કરી, શ્રીગોકુલપતિએ પોતાના સેવ્યના મંદિરમાં પધારી મંગળા આરતી કરી. પછી કૃપાસિંધુ મંદિરની ભીતરથી બહાર પધાર્યા ત્યારે કૃષ્ણ પારેખ, નાથભાઇ, તેમના પુત્ર હરિભાઇ, રતનજી, લીબજી, સિંધજી, કેશવદાસ, મોટાભાઇ, સોમજી, વ્હાલાભાઇ, ભક્તિમાન ગુણસાગર કહાનદાસ અને બીજા અનેક સેવકો, પુરુષો અને સ્ત્રીઓ પ્રેમવશ થઇ તેમને વીંટળાઇ વળ્યાં. મંગલની ઇચ્છા કરનારાં તેમણે વિવિધ મંગલ ગીતો ગાયાં કે આજે અમારું મહાભાગ્ય પ્રગટ્યું છે, આજે પ્રાણેશ્વરના મહોત્સવ (પ્રાગટ્યોત્સવ) છે, અમારો આનંદ ભુવનોમાં સમાતો નથી. પછી તેમણે રંગોળીથી શોભતી વેદીમાં શ્રેષ્ઠ આસન મૂકી તે પર પ્રિયતમને પધરાવ્યા અને સુગંધિત વિવિધ પુષ્પો વડે તેમનો અભિષેક કર્યો અને તે બધા હર્ષસાગરમાં ડૂબ્યા.

તે વખતે ત્યાં આનંદપૂર્ણ ભક્તોનું મંગલગાન ત્રણે લોકમાં વ્યાપી ગયું. ચંદન, અગુરુ, કપૂર, કસ્તુરી અને કુંકુમથી ઉબટન લઇ તેમણે શ્રીગોકુલેશ પ્રભુના શ્રીઅંગોને ચોળ્યાં. પછી ભાગ્યશાળી ભક્તો નાના રત્નો અને મોતીથી જડેલી સુવર્ણચોકી પ્રેમપૂર્વક લાવ્યા, અને શુભ ઉત્તમ પાત્ર વડે સુગંધિત અને અનતિઉષ્ણ જલ આનંદપૂર્વક ભક્તોએ ત્યાં લાવી મૂક્યું. વિવિધ ભાવથી ઊંચા સ્વરથી સ્ત્રીઓ સર્વત્ર ગાન કરતી હતી; દુંદુભિ, ગોમુખ વગેરે વાદ્યો વાગી રહ્યાં હતાં; સૂત, માગધ, બ્રાહ્મણો અને ચારણો તથા બંદીજનો પ્રભુના ગુણોનું સ્તવન કરતા હતા; પ્રભુના મંગલ સ્નાનને નીરખવા માટે ભક્તજનો પ્રેમપૂર્વક પ્રભુની પાસેની જગા ગ્રહણ કરવા પડાપડી કરતાં હતાં, યુવતીઓ પ્રિયતમના મુખકમલનું દર્શન કરવા ઉતાવળી થતી હતી; રત્ન ચોકી પર બેઠેલા તે પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છાવાળાં સ્ત્રી-પુરુષોનો ઘણો મોટો સમુદાય ત્યાં એકઠો થયો; તે એટલો બધો

હતો કે ત્યાં ફેંકેલા તલ ભૂમિને સ્પર્શ કરી શક્તા નહોતા. ચારે તરફ ફેલાતી સુગંધી અને કુંકુમદ્રવ ભક્તો શ્રીગોકુલેશ પ્રભુનાં અંગો પર ચોળતા હતા, હાથ વડે મૃદુતાથી મસ્તક પર લગાવતા હતા અને કેશ પણ ચોળતા હતા, અને એ રીતે સ્નાન કરાવતાં કરાવતાં ભક્તો રસ મહાસાગરમાં ડૂબતાં હતા.

એ પ્રમાણે પરમ પ્રભુને મંગલ સ્નાન કરાવતાં અને ચરણકમલમાંથી નીતરેલું ચરણામૃત લેવાને આવતાં અને તે લઈને જતાં ભક્તોનો કોલાહલ એટલો મોટો થયો કે તે ત્રણે લોકમાં વ્યાપી ગયો. સ્નાન પછી સુંદર શુભ વસ્ત્રથી શ્રીઅંગ લૂછ્યું ત્યારે શ્રીઅંગની જે શોભા હતી, તેનું પાન ભક્તોની દૃષ્ટિએ કર્યું. પછી મૃગનયની ભક્તિભાગ્ સ્ત્રીઓએ જ્યાં મોતીથી પૂરેલી રંગોળી પ્રકાશિત થઇ રહી ત્યાં, રત્નમય અને મૃદુ વસ્ત્ર બિછાવેલી ચોકી પર જગદીશ્વર પોતે બિરાજ્યાં, અને વિખ્યાત માર્કંડેયાદિ અષ્ટ ચિરંજીવીઓની આદરપૂર્વક પૂજા કરી. પછી મહાભાગ્યવાન ભક્તિમતી સ્ત્રીઓએ શ્રીગોકુલેશ પ્રભુને સુગંધિત કુંકુમ વડે મંગલ તિલક કર્યું, અને શ્રીમદ્ગોકુલજીવનનું અક્ષત, તાંબૂલ અને રત્નજડિત સુવર્ણપાત્રમાં મૂકેલી કપૂરની દીવેટની આરતી વડે અર્ચન કર્યું. પછી ઈશ્વરેશ્વર પોતાના સેવ્યના મંદિરમાં પધાર્યા અને રાજભોગ આરતી કરી. પછી બધા બંધુઓ અને જ્ઞાતિજનો સહિત ભોજન મંદિરમાં જઇને પ્રસાદ લેવા બિરાજ્યાં. ત્યાં આપશ્રીના ભક્તો આવ્યા અને શ્રીગોકુલપતિની આજ્ઞાથી પોતપોતાને યોગ્ય સ્થળે બેઠા. ત્યાં પ્રભુએ તેમની સાથે શ્રીગોકુલમાં જેમ ભોજન કરતા હતા, તે પ્રમાણે ભોજન કર્યું.

સર્વે ભક્તો પરમાનંદથી પૂર્ણ થઇ પ્રિયના વિશાળ અને અત્યંત મનોહર સભાગૃહમાં આવી પહોંચ્યા. ત્યાં ઇન્દ્રગોપના વર્ણ જેવા સુંદર વર્ણવાળા ગાદિતકિયા પર બિરાજેલા પ્રભુને જોઇને ભક્તો આનંદસાગરમાં ડૂબ્યા. અહીં સેવકો કંચુકાદિ, પાઘ, કટિબંધ, વગેરે વિવિધપ્રકારની દિવ્યભેટો લાવ્યા, અને ‘આજે મહાઉત્સવ છે’ એમ કહી પ્રેમપૂર્વક પ્રભુનાં અંગો પર ધરી (પહેરાવી) તે તે વસ્ત્ર ધારણ કરીને શ્રીગોકુલપતિ અત્યંત શોભાયમાન થયા અને બધાંને પ્રસન્નતા આપી. ત્યાં લવાયેલ ભેટરૂપ વસ્ત્રો, સુવર્ણહાર, ભૂષણો, વિચિત્રહાર, કુંકુમ, પદક, કુંડલ, ચાદર મોજડી અને બીજી અનેક વસ્તુઓના ત્યાં ઢગલા થયા. કોટિ ચંદ્રો કરતાંય અધિક શોભાવાળું શ્રીપ્રાણનાથનું શ્રીમુખ વારંવાર જોઇને ભક્તો હર્ષાશ્રુ પામ્યાં.ભક્તોમાં ભક્તિ અને મુક્તિમાં પણ અરુચિ ઉત્પન્ન થઇ. કુંકુમથી રંગેલાં કેસરી બે વસ્ત્રો શ્રીગોકુલેશ પ્રભુએ ધારણ કર્યાં હતાં, હીરા મોતીથી જટિત સુંદર સુવર્ણ કુંડલો કાનમાં ધારણ કર્યા, અને ચારે બાજુ સેવકોથી વીંટળાયેલાં સુંદર ગોકુલાધીશ્વર અત્યંત શોભાયમાન થઇ રહ્યાં હતા; ઊંચા ગાદિતકિયારૂપ પોતાના આસનને આપશ્રી શોભાવી રહ્યાં હતાં; લક્ષ્મીની સુંદરતાથી પણ અધિક સુંદર ભક્તોના સમૂહથી પોતે આવેષ્ટિત હતા; એવા શ્રીગોકુલાધીશ્વર તમારું સૌનું રક્ષણ કરો.

વિવેક લીયે ચિત્ત ચાતુરી, નાગર ધીરજ સ્નેહ ।

અનન્યતા જુત આશરો, રાખીયે તજત લો દેહ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો ત્રીજો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચોથો શરૂ થાય છે ।।

તરંગ ૪

શ્રીગોકુલપતિનો શૂકરક્ષેત્રમાં અદ્વિતીય પ્રભાવ :

એક વખત રાત્રે કોઇક ચોર આવીને એક બળદ ચોરી ગયો; તે જાણિને લોકોએ, મોટો કોલાહલ કરી મૂક્યો. શ્રીગોકુલપતિના બધા પહેરગીરો તેની પાછળ દોડ્યા, પરંતુ તેને કોઇ પણ પકડી શક્યું નહિ. જ્યારે તે ચોર ઘેર ગયો ત્યારે તે જ ક્ષણે તેનો પુત્ર મરણ પામ્યો. તે વખતે લોકોએ કહ્યું કે શ્રીગોકુલનાથજીનો બળદ તે ચોર્યો, તે કર્મનું આ ફળ મળ્યું. એથી તે ચોર બહુ પરિતાપ કરવા લાગ્યો, અને શ્રીગોકુલપતિનો બળદ તે જ્યાંથી લાવ્યો હતો, ત્યાં ગુપચુપ બાંધી આવ્યો. તે દિવસથી શ્રીગોકુલેશ પ્રભુના અને તેમના સેવકોના શિબિરમાંથી ચોરોએ ચોરી કરવાનું છોડી દીધું. માગશર સુદ દશમે પોતાના ચરણકમલ દ્વારા ત્યાંના અષ્ટતીર્થોને પાવન કર્યા. અને એકાદશીએ પાંચ તીર્થોને પાવન કર્યાં. પછી સર્વધર્મધુરંધરે ત્યાં રહેલા વરાહદેવને નમસ્કાર કરી તેમનું માહાત્મ્ય વધાર્યું અને પછી ભગવાન પોતાના નિવાસે પાછા પધાર્યા. ત્યાં શ્રીગોકુલપતિના દર્શન કરવા માટે કોટિ કોટિ ઉત્તમ લોકો આવ્યા અને દર્શન કરીને ગયા. પછી આપશ્રીએ ભોજન કરી પોતાના નિવાસે વિશ્રામ કરી રહ્યાં હતા, ત્યારે ફરીથી અનેક લોકો દર્શનાર્થે આવ્યા.

તેમને રોકવામાં આવ્યા, તેમ છતાં તેઓ દર્શન કર્યા વિના ગયા નહિ, ત્યારે કેટલાકે શ્રી..જીનો જ્ઞાની ભીતરિયો તેમને બતાવ્યો અને કહ્યું કે લ્યો શ્રીગોકુલેશજીના દર્શન કરો; ત્યારે તેમણે કહ્યું કે આ મિથ્યા વાત છે, તેજવિહીન તે ભીતરિયો તેમણે પ્રભુ તરીકે માન્યા નહિ. જ્યારે પ્રભુ વિશ્રામ કરીને ઊઠ્યા, ત્યારે પ્રભુને જોઇનએ તેમના ચરણોમાં નમસ્કાર કરી, તેમની કૃપાદષ્ટિ પામી કૃતકૃત્ય થઇને તેઓ ઘેર ગયા. હવે પાખંડી કુબુદ્ધિવાળા અસુર યતિએ અહીંના શૂકરક્ષેત્રના અધિકારીને પત્ર લખીને શ્રીગોકુલેશના સર્વ સંબંધીજનોને અનાજ વગેરે વેચવાનો નિષેધ ફરમાવ્યો હતો. તે પત્રને અનુસરીને ત્યાંના અધિકારીએ વણિકને કહ્યું કે શ્રીગોકુલેશ પ્રભુના સંબંધીઓને એક કણ પણ વેચશો નહિ; જે વેચશે તે રાજદંડને પાત્ર થશે. વણિકે પ્રાણાધિશને વિજ્ઞાપના કરી કે જેને જે જોઇશે, તે તેને મારી પાસે મળશે. એમ કહીને તે રાત્રે વેપાર કરવા માંડ્યો. અહીંનો જે દુર્બુદ્ધિ અધિકારી હતો, તેણે તે યતિની આજ્ઞાથી શ્રીગોકુલેશ પ્રભુને કહ્યું કે આપ અહીં ન રહેશો. ત્યારે તેને પ્રભુએ કહ્યું કે અમે યવનેશના કહેવાથી અહીં આવીને રહ્યાં છીએ; તે શું તારા કે તારા સંન્યાસીના વચનથી અહીંથી બીજે ચાલી જઇશું ? એ પ્રમાણે પ્રભુએ તેનો નિરાદર કર્યો.

તેવામાં તે અનંતદાસે કાશ્મીરથી આવીને બાદશાહનો એ મતલબનો પત્ર બતાવ્યો કે શ્રીગોકુલેશ્વર પોતાના સેવકો સાથે શૂકરક્ષેત્રમાં ભલે સુખે રહે. તે પત્ર જોઇને તે અધિકારી નિરાદર પામી ચૂપ થઇ ગયો. વળી લશ્કરખાનના બે ઘોડેસ્વારો પણ આવ્યા અને તે પત્ર પણ આવ્યો, એટલે તે અધિકારી મરણ પામ્યા જેવો થઇ ગયો; અને પ્રભુને પગે પડીને પોતાના અપરાધ ક્ષમા કરવા વિનંતી કરવા લાગ્યો. કરુણાસાગર પ્રભુએ તરત જ તેને ક્ષમા આપી. બીજા બધા વણિકો શ્રીગોકુલપતિની રાજનિતી અને વિશેષ લાભને કારણે બીજાઓને તૃણવત્ માની હર્ષપૂર્વક જાતે જ આવી વેપાર કરવા લાગ્યા. મિરજાપુરનો રહેવાસી પ્રલ્હાદ ગુરાહર અને અર્જુનપુરમાં રહેતો સુરકી જ્ઞાતિમાં પ્રસિદ્ધ એવો મોહનરાય, એ બન્ને પ્રભુને શરણે આવ્યા અને પ્રભુના વદનકમલથી ભગવન્નામ સાંભળી સેવક બન્યા. તેમણે ભક્તિ, પ્રેમ અને આદરથી ઘાસ તથા કાષ્ઠની સેવા કરી.

શ્રીગોકુલાધીશએ અહીંના સર્વ બ્રાહ્મણોની દુર્ગતિને દાન દ્વારા લુપ્ત કરી દીધી અને પુરોહિતની પણ દુર્ગતિ સંપૂર્ણપણે નાબુત કરી.

શ્રીગોકુલેશ પ્રભુ રોજ સ્નાન કરતી વખતે 'ગંગામાં સ્નાન કરું છું' એવા સંકલ્પ કરવાને બદલે દરરોજ અભ્યાસને કારણે 'શ્રીયમુનાજીમાં સ્નાન કરું છું' એવો સંકલ્પ કરી દેતા; એ ઘટના ભક્તોને સુખ આપતી હતી. પ્રભુના પ્રેમથી આકર્ષાઇ ગુપ્ત રીતે શ્રીયમુનાજી પધારતાં હતાં એમ કહેતા હતા. પોષ વદિ બીજના દિવસે ગિરધરજી લીલામાં પહોંચી ગયા, એમ બે ત્રણ દિવસે સાંભળ્યું, ત્યારે પ્રભુએ સ્વજનો સહિત શ્રીગંગાજીમાં સ્નાન કર્યું અને શાસ્ત્રોક્ત કર્મ કર્યું. પછી પોતે વહુજી સાથે શ્રીગોકુલ પધાર્યા અને મોટાભાઇનાં વહુજી શ્રીભામિનીજીને સાંત્વન આપ્યું અને સ્નાન કર્યું. પછી પ્રભુએ પુષ્પાવતીને ઘેર ભોજન કરી ત્યાં જ શયન કર્યું. સત્યવાક્પ્રિય શ્રીગોકુલેશજીએ પોતાના ઘરમાં પ્રવેશ ન કર્યો. ત્યાંથી શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગિરિરાજજી પધાર્યા અને શ્રીગોવર્ધનધારીને પોતાનું શ્રીમુખ દેખાડ્યું, ત્યાં પ્રિય ભક્ત સાયા નામના ગઢવીએ પ્રિયતમની ઘણી સેવા કરી. તેથી પ્રભુજી ઘણા પ્રસન્ન થયા. ત્યાર પછી શ્રીગોકુલપતિની આજ્ઞા લઇ શૂકરક્ષેત્રમાં પુનઃ પધાર્યા અને પોતાના ભક્તોને સુખદાન કર્યું. એક વખતે જ્યારે પોતે શ્રી...જીનું મંદિર કરાવી રહ્યાં હતા, તે વખતે વિહારી નામના સુકવિએ પોતે રચેલું એક વ્રજભાષાનું સુંદર પદ્ય સંભળાવ્યું કે આપ કાલે જ શ્રીગોકુલમાં ફરીથી નિવાસ કરશો. તેથી ઈશ્વરેશ્વર પ્રસન્ન થયા અને પોતાનું ઉત્તરીય તથા મન જેવો વેગવાન અને અત્યંત કુલીન એવો ઘોડો તે કવિને ભેટ આપ્યો.

વિપતે પરે બહુ ભાંતિ કરી, શિર છેદન હું હોયે ।
તો ન આશરો છાંડીયે, શ્રીવલ્લભ ચરણકો સોય ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો ચોથો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ પાંચમો શરૂ થાય છે ।।

તરંગ ૫

યવનસમ્રાટને પીડા અને પ્રાયશ્ચિત :

હવે એક વખતે પોતે કોઇક વૈદિક કર્મમાં પ્રવૃત્ત હતા, તે વખતે દામોદર પરિષ્કૃત કુશ આપતા હતા. તેમણે ખૂબ વાદળાં ચઢી આવેલાં જોઇને કહ્યું કે આ સમયે વાદળાં ન ચઢી આવ્યાં હોત તો શી હાનિ થવાની હતી ? એ સાંભળીને પ્રભુએ કહ્યું કે આ કલિકાલમાં સર્વ લોકો પોતાની ઇચ્છાનુસાર કર્મ કરે છે, તો પછી આ મેઘ એમ કેમ ન કરે ? પણ તે કશું કરવા શક્તિમાન થશે નહિ; વાદળાં અહીંથી ચાલી જશે. એ પ્રમાણે પ્રભુના વદનકમળમાંથી વચન નીકળ્યાં કે તરત વાદળાં વિખરાઇ ગયાં, એ એક આશ્ચર્યની વાત છે. હવે તે અરસામાં પોતાના મચ્છીભવનથી ફરીને જહાંગીર બાદશાહ કાશ્મીરમાં મહાપ્રભુની ચરણરજથી પવિત્ર થયેલા પોતાના ભવનમાં કેટલોક વખત રહ્યો, પણ પ્રભુના વિરહથી વ્યાકુળ થતાં તેને શાંતિ મળી નહિ. તેથી પ્રભુનાં દર્શનની સંભાવનાથી તે બુદ્ધિમાન પોતાના આગ્રા નામના નગરમાં પાછો ફર્યો. રસ્તામાં બુરિયા સહરણપુરની પાસે આવતાં તે યવનેશ્વરને પેટમાં અત્યંત અસહ્ય પ્રાણઘાતક શૂળ ઉપડ્યું. ત્યારે તે દૂર કરવાને માટે, બ્રાહ્મણોને માટે સારંગદેવ દ્વારા તે સમ્રાટે

મથુરામાં સુવર્ણ મોકલ્યું. તે સમ્રાટની બુદ્ધિમાન પત્ની નૂરમહલ નામની હતી, તેણે કહ્યું કે શ્રીગોકુલાધીશને શ્રીગોકુલ છોડાવીને તમે શૂકરક્ષેત્રમાં તેમનો નિવાસ કરાવ્યો છે, તે મહાન અપરાધ આ પ્રમાણે ફળ આપી રહ્યો છે. તો તમે તેમના સર્વદુ:ખનું હરણ કરનાર શુભ ચરણકમળનું સ્મરણ કરો, અને તમે એકદમ રોગમુક્ત થઇ જશો. એ પ્રમાણે તેનાં વચન સાંભળીને તે સમ્રાટે પ્રભુનું સ્મરણ કર્યું અને તે જ ક્ષણે એકદમ અત્યંત દુર્લભ સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું. બીજી બાજું મથુરામાં વિપ્રો માટે આવેલું ઉત્તમ સુવર્ણ સારંગદેવ પાસેથી લઇ લઇને, તે પાખંડી યતિએ પોતાની પાસે રાખી દીધું; તે સાંભળીને બાદશાહ કુપિત થયો, યતિ (કોઇપણ સંન્યાસી) માટે સુવર્ણસ્પર્શ નિષિદ્ધ (સનાતન ધર્મના શાસ્ત્રો આવું કહે છે) છે, પાપ છે, અને સુવર્ણસ્પર્શ આ દુર્બુદ્ધિ યતિએ કર્યો છે; તેની બેગમ પણ તેના ઉપર ગુસ્સે થઇ.

પછી રસ્તામાં દિલ્હી આવ્યું. ત્યાં બાદશાહ પોતાની જાતિના વિરક્ત મોટા ફકીરનાં દર્શને પોતાના સેવકો સહિત ગયો અને પ્રણામ કરી ત્યાં બેઠો. પછી તેણે પૂછ્યું કે આપ અતિ બુદ્ધિમાન છો, નિર્ભય છો, મારો કોઇ દોષ હોય તો કહો, જેથી તે દોષ દૂર કરી સદા સુખી બનું. એ સાંભળીને તે ફકીરે કહ્યું કે હે સમ્રાટ! તમે એક મોટું અસત્કાર્ય કર્યું છે, કે પાખંડી, અતિ દુર્જન, દુષ્ટ, લુચ્ચા, ક્રૂર, રાગદ્વેષ પરાયણ, શઠ, નીચ, પાપી, દુરાચારી, ધર્મનો લોપ કરવા તૈયાર થયેલા, લાભપૂજા તથા ખ્યાતિના લોભી, મૂર્ખ, મૂર્ખાથી વીંટળાયેલા એવા તે સંન્યાસીનું અનુસરણ કર્યું છે અને શ્રીગોકુલેશ પાસે ધનધાન્ય અને રિદ્ધિથી ભરેલા ઘરનો ત્યાગ કરાવ્યો છે. એ શ્રીગોકુલેશ પ્રભુ સ્વધર્મમાં સદા સ્થિર છે, રાગદ્વેષ વિમુખ પુરુષોત્તમ છે, સત્ય પ્રતિજ્ઞ છે, વિશ્વકલ્યાણમાં તત્પર છે. ઉન્નત આશયવાળા છે, સદા પાપથી દૂર રહેવાવાળા છે, મંગલ વાંચ્છનાર છે, મિથ્યાવાદથી દૂર રહેનારા છે, સ્મિતપૂર્વક બોલનારા છે, એવા શ્રીગોકુલેશજીનો તમેં ગૃહત્યાગ કરાવ્યો છે.

તે દુર્બુદ્ધિ સંન્યાસીના ક્રોધથી કે હર્ષથી તમને શો ફાયદો થવાનો છે? જ્યારે આ શ્રીગોકુલેશજીના ક્રોધથી સ્વજનો તથા પુત્રો સહિત તમે બળી જશો; અને એ મહાત્માના સંતુષ્ટ થવાથી તમે શું શું પ્રાપ્ત નહિ કરી શકો? અર્થાત્ બધું જ પ્રાપ્ત કરી શકશો. તેઓશ્રી સમર્થ હોવા છતાં ક્યાંય શાપ દેતા નથી, એ તો કરુણાસાગર છે, અત્યંત પ્રસન્ન જ હોય છે, વિશ્વના કલ્યાણ માટે આ ભૂમિ પર પ્રગટ થયેલા છે, તેઓ કોઇ અપરાધીને પણ પીડા કરતા નથી. એ સાંભળીને યવનસમ્રાટ બોલ્યો કે તે યતિની માયાથી મોહિત થઇ, તેનાથી રાતદિવસ ડરીને, તે યતિએ કહેલા ધર્મને જ સારો ધર્મ માનીને, તે મહાપુરુષનો કર્મ, મન અને વાણીથી અપરાધ કરીને અસાધુ એવા મેં ઘણું ખોટું કામ કર્યું છે. હવે સ્વતંત્ર એવા તે પ્રભુ કદાચ મને દર્શન આપશે, તો તે કરુણાસિંધુના ચરણમાં પડી મારો અપરાધ ક્ષમા કરાવીશ. એ પ્રમાણે કહીને તે બાદશાહ ફકીરની અનુજ્ઞા લઇ, પશ્ચાતાપ રૂપી અગાધ, અપાર અને અનેક વમળોવાળા મહાસાગરમાં ડૂબી પોતાના શિબિરમાં ગયો.

શ્રીગોકુલેશ પ્રાગટ્યકો, કારણ મૂલ નિદાન ।

શ્રીગોકુલેશ શ્રીમુખ વચન, કહે સોઇ પ્રમાન ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો પાંચમો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ છઠ્ઠો શરૂ થાય છે ।।

તરંગ ૬

યવનસમ્રાટ દ્વારા યતિનો તિરસ્કાર :

રસ્તામાં યવનપતિ નૌકામાં બેસી મથુરા ગયો. પહેલાંની જેમ આ વખતે પણ બાદશાહ યતિને પ્રણામ કરવા જશે, એમ તેના કાર્યાધિકારીઓએ નિશ્ચય કરી, એકદમ ગુફા પાસે જઇને યતિને નમસ્કાર કર્યા, સ્તુતિ કરી તેનો આદર કર્યો; પછી બાદશાહને આવવા માટે યોગ્ય એવો માર્ગ તૈયાર કરવા, તેમણે જમીન ખોદાવી અને સરખી કરાવી, સાફ કરવી, પાણી છંટાવ્યું; કાંટા, પત્થર, કાંકરા, દર્ભ, ધૂળ વગેરે દૂર કરાવ્યું; વળી સુંદર વસ્ત્ર વડે વૈદિકાઓ બનાવડાવી; સુચારુ, કિંમતી, વિવિધ માણેક તથા કંબલોના અનેક પ્રકારના ચંદરવા બંધાવ્યા; ઠેર ઠેર રુચિર શોભાવાળી ઈષ્ટ વસ્તુઓને એકઠી કરવા માટે પહેરગીરો, દ્વારપાલો, સૈનિકો, ઘોડેસ્વારો, હાથી, હાથણી, મહાવત, અંગસેવકો, તે તે કાર્યમાં દક્ષ કાર્યકરો અને તાંબુલ, ચામર, છત્ર, પગરખાં, ખડગ આદિ ધારણ કરનારા, તથા ગાયક, નર્તક, વેણુ, વીણાવાદક, મૃદંગાદિ વગાડવામાં ચતુર જનો, તે તે કાર્યની નોંધ રાખનાર અને વસ્તુઓનો સંગ્રહ કરનારને તથા પહોંચાડનારાઓની વ્યવસ્થા, તથા તે તે ભૂપતિ, મ્લેચ્છો અને સંન્યાસીને પ્રિય વ્યક્તિઓને તે યવનેશની સમીપ બેસાડવાની યોજના વગેરે સર્વ કાંઇ પ્રેમ અને ગૌરવથી કર્યું.

તે સંન્યાસીએ સર્વ વિપ્રોને તથા બીજા પોતાના સેવકોને, પાપપરાયણ ખલજનોને, વંચકોને, દ્રોહીઓને, લુચ્ચાઓને, ત્રિપુંડધારીઓને, અંગો પર ભસ્મ લગાડનારાઓને અને કંઠમાં રુદ્રાક્ષમાળા ધારણ કરનારાઓને બોલાવીને પોતાની પાસે બેસાડ્યા. તે મૂર્ખ મહાસુર અભિમાનથી ફૂલાતો હતો અને બાદશાહ દ્વારા કોઇને નગરનો તો કોઇને ગામનો, કોઇને જનપદનો તો કોઇને સમ્રાટનાં બીજા કાર્યોનો અધિકારી બનાવવા ઇચ્છતો હતો; કોઇની બુદ્ધિમાનોમાં તો કોઇની ધર્મમાં, કોઇની અપરાધોની નીતિ નક્કી કરવામાં તે કોઇની દાનનીતિ નક્કી કરવામાં, કોઇની ખર્ચ કરવામાં તો કોઇની આવક મેળવવામાં, કોઇની વસ્ત્રરત્નાદિની તો કોઇની સુવર્ણની ગણના કરવામાં, કોઇની અશ્વની તો કોઇની હાથીઓના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાવવા તે મૂર્ખ મહાસુર ઇચ્છા કરતો હતો.

વળી શ્રીગોકુલેશના શ્રેષ્ઠ ભક્તોને હેવાન કરવા અને તે તે ઇચ્છાઓ બાદશાહ પાસે રજૂ કરવા તે અસુર ઇચ્છતો હતો. સમ્રાટ પોતાની પ્રિયતમા નૂરમહલ સાથે જેમા બેઠો હતો, તે નાવની અનિમેષપણે તે પ્રતિક્ષા કરી રહ્યો હતો અને સજ્જનોના અને ભક્તોના મિથ્યા દોષો કહેવા માટે તેની જીભ સળવળી રહી હતી. જેમ જેમ યવનેશની નૌકા પાસે આવતી હતી, તેમ તેમ તે દુષ્ટ હર્ષોદ્રેકથી કૂદતો હતો. શ્રીગોકુલેશ પ્રભુનો પ્રતાપ ત્રિલોકમાં વિસ્તર્યો હતો. અને તે જ પ્રમાણે તેમનો યશ પણ શરદઋતુના ચંદ્રસમૂહને ઝાંખા પાડતો હતો; તે જોઇને તે હાહાકાર કરી હાથમાં હાથ ભીડતો હતો. વળી તુલસીમાલાથી શોભતા કંઠવાળા ભક્તોની દ્દષ્ટિથી તેની આંખોમાં અસહ્ય દાહ થતો હતો. વળી ભક્તો તુલસીમાલા પહેરે છે તે વાત સાંભળીને તેના કાનમાં જે દાહ થતો હતો, તે બન્ને દાહને શાંત કરવા માટે તે સંન્યાસી ઇચ્છતો હતો કે બાદશાહ જહાંગીર શ્રીગોકુલપતિ પર ક્રોધ કરે.

તે વખતે શ્રીયમુનાજીમાં થોડું પાણી હોવાથી પોતાની ગુફા પાસે અટકેલી નાવને જોઈને તેણે માન્યું કે બાદશાહ પોતાની પાસે આવ્યો છે; જ્યારે પોતાની પ્રિયા સાથે નાવની અંદર શ્રેષ્ઠ મંડપમાં બેઠેલા તે સમ્રાટે નાવિકોને પૂછ્યું કે આ કયું સ્થળ છે? અહીં લોકોની ભીડ કેમ છે? અહીં નાવ કેમ એકદમ અટકી ગઈ છે? તે નાવિકોએ કહ્યું કે આ સ્થાન તો યતિનું છે, કે જે દુષ્ટે બળજબરીથી પુરાણાદિમાં ગાયેલો અને તુલસીમાલા ધારણ કરવા રૂપ સકલ વૈષ્ણવધર્મનો લોપ કર્યો છે, જેણે વૈષ્ણવસમુદાયને હેરાન કર્યો છે અને જેણે ભગવાન પુરુષોત્તમ શ્રીમાન્ શ્રીગોકુલનાથજીનો અનેકવાર અપરાધ કર્યો છે. પહેલાંની જેમ જ આપ અત્રે આવશો જ એમ નિર્ણય કરી આપના નોકરો અને બીજા લોકો આપના દર્શન કરવા આવ્યા છે, અને એ પ્રમાણે અહીં ભીડ જામી છે; જ્યારે યમુનાજીમાં અહીં પાણી છીછરૂં હોવાથી નાવ અહીં અટકી ગઈ છે.

તે નાવિકોની આવી વાણી સાંભળીને તે સમ્રાટે તેમને કહ્યું કે તમે બધા બળપૂર્વક નાવને ખેંચીને આ સ્થળથી આગળ લઈ જાઓ. એ પાપી, પાખંડી, અસુર, માયાવી, અને ભગવાન શ્રીગોકુલાધીશનો દ્રોહ કરનાર તે મૂર્ખને જોવા હું ઈચ્છતો નથી. યવનેશની પ્રિયાએ પણ હાથમાંના કમલની સંજ્ઞાથી તેમને એ જ પ્રમાણે કહ્યું. તે નાવિકો નાવને ખેંચીને આગળ ચલાવવા લાગ્યા, ત્યારે તે ચિદ્રુપ વિરૂપ થઈ ગયો અને વિકૃત થઈ શરમાવા લાગ્યો; તે ભિક્ષુનો યવનેશ્વર આ રીતે તિરસ્કાર કર્યો, ત્યારે જે બ્રાહ્મણો તેની પાસે ઉત્સાહપૂર્વક એકઠા થયા હતા, તે તથા બીજાઓ ભગ્નાશ થયા અને તેમનાં મોં કાળાં પડી ગયાં. તેના કાર્યાધ્યક્ષોએ જોયું કે આપણે વ્યર્થ પ્રયત્નો કર્યા; તેથી તેઓ ખિન્ન બન્યા.

તેમણે સાફ કરેલી જમીનને બગાડી નાખી, વેદીને ભાંગી નાખી, બાંધેલું વસ્ત્રાદિ વગેરે ઉથાપી દીધું, અને બધી વસ્તુઓ અને બધા માણસોને લઈને ત્યાંથી ચાલ્યા ગયા. કેટલાકે ત્યાં મૂત્ર કર્યો, કેટલાક ત્યાં થૂંક્યા. કેટલાક ત્યાં મલત્યાગ કર્યો, કેટલાકે ત્યાં અપવિત્ર વસ્તુઓ નાખી, કેટલાકે ક્રોધ કરી તેની હાંસી કરી, બીજાઓએ પરસ્પર વાળી આપી તેને લજ્જાસમુદ્રમાં ડૂબાડ્યો, કેટલાકે અપ્રિય બિરુદો આપીને તેને મોટા શોકાગ્નિમાં નાખ્યો, તો વળી કેટલાકે તેને ગાળો ભાંડી તથા તેની નિંદા કરી અને તેઓ ભગવાન શ્રીગોકુલપ્રભુના ગુણાનુવાદ કરતા, જેમ આવ્યા હતા, તેમ ચાલ્યા ગયા. મથુરાના સર્વ લોકો, ચૌધરીઓ, યવનો અને અન્ય લોકોએ તે પાખંડી પર ધિક્કાર વરસાવ્યો. ઝાંખા પડી ગયેલા તે સંન્યાસીએ યવનેશને આકર્ષવા માટે પહેલાંની જેમ માયામંત્રોનો પ્રયોગ કરી, દેવતાઓને પોતાના કાર્યમાં યોજવા તૈયારી કરી, પણ તે દુર્બુદ્ધિ તેમ કરવા શક્તિમાન થયો નહિ, તે બધા મંત્રો વગેરે વિશ્વપ્રભુ શ્રીગોકુલેશ પ્રભુની બલવતી ઈચ્છાથી પહેલાં જ પીડિત થઈ નષ્ટ થઈ ગયા હતા.

ભક્ત મોહન ભાઈજું, મનોરથ ઉન માન ।

શ્રીગોકુલેશ શ્રીમુખ કહ્યો, નિજ પ્રાગટ્ય નિદાન ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો છઠ્ઠો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ સાતમો શરૂ થાય છે ।।

તરંગ ૭

યવનસમ્રાટનું શ્રીગોકુલ આવવું :

પછી સમ્રાટ જહાંગીર નાવ દ્વારા શ્રીગોકુલ પાસે આવ્યો; ત્યારે તે શ્રીગોકુલને તેણે શોભા વિનાનું, આનંદરહિત, નિર્જીવ, અત્યંત મ્લાન, તેજહીન, અનુભાવહીન, તુચ્છ ગામડા જેવું, જાણે કોઇ મહાન રોગોથી ગ્રસ્ત થયેલું જોયું. તે શ્રીગોકુલ જાણે સર્વસ્વ ગુમાવી બેઠેલું, સર્વ પ્રકારે બળી ગયેલું, મર્મ પર પ્રહાર પામેલું, ક્ષુદ્ર દુશ્મનથી જિતયેલું, લજ્જા અને પીડાથી ત્રાસ પામેલું, ચિંતાથી આકુળવ્યાકુળ, પહેલાના રૂપ વિનાનું હતું. એવા શ્રીગોકુલને જોઇને પોતાની પાસે બેઠેલા પોતાના સેવકોને પૂછ્યું કે આ ગામડા જેવું કયું ગામ છે? તેમણે ઉત્તર આપ્યો, 'શું આપ જાણતા નથી કે આ તો શ્રીગોકુલ છે?' ત્યારે એ સાંભળીને તેઓએ કહ્યું કે શોભાં, ગુણ, ધર્મ, યશ, શ્રી, મંગલ, ફલ, સુખ, જીવન, પવિત્રતા, સદ્‌વિદ્યા, તેજ, અને ઓજના આધાર શ્રીગોકુલપતિ અહીં બિરાજમાન નથી. નિષ્પાપ શ્રીપુરુષોત્તમ હવે આપના વચનનો સમાદર કરી, શ્રીગોકુલનો ત્યાગ કરી શૂકરક્ષેત્રમાં નિવાસ કરે છે. તેમણે શ્રીગોકુલનો ત્યાગ કર્યો, તેથી તે આવું ક્ષુદ્ર ગામડા જેવું દેખાય છે.

એ સાંભળી યવનેશ્વરે આસફખાનને કહ્યું કે તું બુદ્ધિમાન છે, અને શ્રીગોકુલેશ પ્રભુનો તું ભક્ત છે; તો તું વિનયપૂર્વક વિજ્ઞપ્તિગર્ભિત પત્ર લખ, તે ઈશ્વરેશ્વર આગ્રામાં મને મળે અને પોતે નિજધામ શ્રીગોકુલમાં રહી તેને શોભાવે. મેં તો તે તે પ્રકારે તેમના અપરાધ કર્યા છે, તેથી શરમ આવવાથી તે પરમાત્માને હું કશુંય લખવા શક્તિમાન નથી. રસિકોના ઈશ્વર, સાર્વભૌમ અને ગુણસાગર એવા તેમને માટે આજ સ્થાન એટલે શ્રીગોકુલ જ રહેવા યોગ્ય છે. તે સમયે જેમણે માલા ઉતારી હતી, તેઓ હાથમાં તુલસીમાલા લઇ શ્રીયમુનાજીમાં ડૂબકી મારી પડતા, આખડતા અને ઊંઠીને દોડતા હતા, ત્યારે યવનેશે પૂછ્યું કે આ કોણ મારી પાસે આવી રહ્યું છે? ત્યારે પાસે રહેલા માણસોએ કહ્યું કે એઓ જેમણે માલા ઉતારી છે તેઓ છે. ત્યારે સમ્રાટે પ્રભુ સાથેના સંબંધના ગૌરવને લીધે નાવ મોકલી તેમને બોલાવી મંગાવ્યા અને તેમને પૂછ્યું: 'તમે મારી પાસે શી પ્રાર્થના કરો છો?' ત્યારે તેઓએ અભ્યર્થના કરી કે આપ અમને તુલસીમાલા ધારણ કરવાની છૂટ આપો. સમ્રાટે કહ્યું કે ખુશીથી નિર્ભય બનીને તે ધારણ કરો.

તેઓએ શ્રીગોકુલપતિ માટે પણ માલાની પ્રાર્થના કરતાં કહ્યું કે શ્રીગોકુલનાથજી માટે માલા આપો. ત્યારે તે બાદશાહ હસતાં હસતાં કહેવા લાગ્યો કે તેમને માટે હું માલા આપું? તેમણે કે તેમના સેવકોએ મારાથી, મારા અમલદારોથી કે દુષ્ટ સંન્યાસીથી તમારા જેવાની જેમ પહેલા ડરીને માલા ઉતારી નથી. તે વીરપુરુષે જ આ પૃથ્વી પર માલાની રક્ષા કરી છે. સેવકો સહિત મને અને તે પાખંડી યતિને જીતીને, તે વિશ્વહિતૈષી સત્યવક્તા મહાત્માએ પોતાનામાં અને પોતાના સેવકોમાં તે માલાની રક્ષા કરી છે. એટલે તેઓ જ માલા પહેરનાર છે અને આપનાર પણ તે જ છે. તેઓ જ રક્ષક છે, જ્ઞાતા છે અને ધર્મપ્રવર્તક છે. તેઓશ્રી કેવળ એ માલાના રક્ષક નથી, પણ વૈષ્ણવોના, અન્યજનોના તથા સદાસર્વદા સર્વ ધર્મના પણ રક્ષક છે. અને શ્રીગોકુલેશ જ માલા આપે છે, પછી વિચક્ષણ યવનેશ્વર પોતાની રાજધાની આગ્રામાં ગયો. તે પછી પોતાની કૃપાશક્તિએ વર્ણવેલી આધિદૈવિક ગોકુલ સંબંધી વિજ્ઞપ્તિ ભગવાન શ્રીગોકુલેશ હૃદયમાં ધારણ કરી. જે આધિભૌતિક ગોકુલ છે અને જે

આધ્યાત્મિક છે, તેને પણ શોભાયમાન કરવાનું દયાસાગરે વિચાર્યું. એ સમયે ગોધૂ નામનો ભગવાનનો જે સેવક હતો, તેણે શૂકરક્ષેત્રમાં આવીને પ્રભુને પ્રણામ કરી વિજ્ઞપના કરી કે હે મહારાજાધીરાજેશ! પુરુષોત્તમશેખર, આપ મહાપ્રભુને યવનેશ્વર આગ્રામાં મળવા ઈચ્છે છે અને શ્રીગોકુલમાં આપ નિવાસ કરો એમ અભિલાષા રાખે છે. તે અધમ, પાખંડી યતિનો તે યવનેશે નિરાદર કર્યો છે અને તેનું મોઢું પણ જોયું નથી, અને હવે તે આગ્રામાં છે.

એની વિજ્ઞપ્તિ સાંભળી પ્રભુ અત્યંત પ્રસન્ન થયા અને તેને વધાઇ આપી; કરુણાસાગર પ્રભુએ પોતાના હાથે જ તે તે પાત્રમાંથી ઉત્તમ પ્રસાદરૂપ લાડુ લાવીને ગોધુને આદર સહિત પ્રસાદ લેવડાવ્યો. એ અરસામાં જગત્પ્રભુના ભાણેજ મધુસૂદન ભટ્ટ કોઈક કાર્ય માટે શ્રીગોકુલ ગયા હતા, તેમણે આસફખાને વિજ્ઞપ્તિપત્ર આપ્યો; તે વિજ્ઞપ્તિપત્ર લઈને મધુસૂદન ભટ્ટ ઉતાવળા ઉતાવળા શૂકરક્ષેત્ર આવી નમ્રતાપૂર્વક શ્રીગોકુલપતિને આપ્યો.

અંતર કછુ ન આની રાખીએ, કીયો સ્વતંતર દાન ।

શ્રીગોકુલેશ પ્રાકટ્ય નિજ, ઉચ્છવ પ્રકટ સમાન ।।

કહ્યો પ્રકાશ ગોકુલપતિ, નિજ પ્રાગટ્ય રસરૂપ ।

દૈવી સૃષ્ટિ સમાજ હિત, પ્રગટે પરમ અનુપ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો સાતમો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ આઠમો શરૂ થાય છે ।।

તરંગ ૮

શ્રીગોકુલપતિનું આગ્રા પધારી જહાંગીરને મળવું :

પછી કરુણાસિંધુ શ્રીગોકુલેશ સમ્રાટ જહાંગીર તથા આસફખાનને મળવા તથા પોતે સદા શ્રીગોકુલમાં રહેવું, એવી તેમની ઈચ્છા જાણી પોતાના સ્વજનો તથા સેવકો સહિત આગ્રા પધાર્યા. ત્યાં જઈને પોતે આસફખાન તથા બાદશાહને દુર્લભ દર્શન પ્રદાન કર્યા. પોતે સર્વજ્ઞ છે, કરુણાસિંધુ છે, પોતે પરાત્પર છે, ગૂઢભાવ તેમને પ્રિય છે. મ્લેચ્છસમ્રાટ તેમને મનથી, વાણીથી અને શરીરથી પ્રણામ કર્યા. એકાંતમાં નૂરમહલે પણ પ્રણામ કર્યા અને પ્રભુએ તે અંગીકાર કર્યા. પછી તે બાદશાહે અક્ષરે અક્ષરે અટકતાં અટકતાં શ્રીગોકુલપતિને કુશળ સમાચાર પૂછ્યા. પ્રિયતમ કરુણાસાગરે, જાણે અમૃતસાગરની વર્ષા કરતા હોય તેમ ઉત્તર આપ્યા. પછી બાદશાહે વિનોદ અને સ્મિત કરી કહ્યું કે આપના વાત્સલ્યથી બંધાયેલા અમે આપના વચનથી શૂકરક્ષેત્રમાં રહીએ છીએ; જો કે સર્વસદ્ગુણોથી શોભતું, ચારે દિશામાં સુવિખ્યાત એવું શ્રીગોકુલ જ અમને અત્યંત પ્રિય છે.

ત્યારે પશ્ચાતાપપૂર્વક તે સમ્રાટે પ્રિયતમને કહ્યું કે સાચું છે, એ સાચું છે કે આપને માટે શ્રીમદ્ ગોકુલ જ સુખદ્ અને સર્વકાલમાં ઉત્તમ એવું યોગ્ય ધામ છે. તો આપ ઈચ્છા પ્રમાણે સુખપૂર્વક અને સર્વ ઈષ્ટની પ્રાપ્તિ થાય તેમ ત્યાં જ શ્રીગોકુલમાં જ રહો. શત્રુઓનાં હૃદયનાં સેંકડોને હજારો ટૂકડા કરતા જય દુંદુભિના નાદ કરતા આપ ત્યાં પાછા પધારો. નિજધામ શ્રીગોકુલને છોડીને મારા વચનથી આપ સોરમજીમાં પધાર્યા, આપને ઘણો શ્રમ થયો, એ મારા અપરાધને આપ ક્ષમા કરો. હું તે માયાવી અને અધમ યતિથી સદા ડરતો હતો. સર્વ લોકોની પ્રશંસા પામતા ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ પોતાના ડેરામાં પધાર્યા. ત્યારે મુકુંદદાસે અત્યંત સ્પૃહાથી પરમેશ્વર શ્રીગોકુલેશ પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે હે રાજરાજેશ્વર! શૂકરક્ષેત્રમાં આપનું સર્વ કાંઇ અહીં આવે ત્યાં સુધી આપ અહીં જ બિરાજો. હાથી, ઘોડા, રથ, પ્યાદા વગેરે બધી મારી સંપત્તિને આપણી સંપત્તિ તરીકે સ્વીકારીને આપ અહીંથી પધારજો. એવી આસફખાનની પણ વિનંતી હતી. ત્યારે ભગવાને કહ્યું કે લૌકિક સંપત્તિનું અમારે અણું જેટલું પણ પ્રયોજન નથી; અમારી પોતાની જે કંઇ સંપત્તિ છે, તેનાથી અમે હંમેશા સંતુષ્ટ છીએ.

શૂકરક્ષેત્રમાં બિરાજતા શ્રી...જી સહિત અમારા શ્રીગોકુલમાં પ્રસ્થાન કરવું અમારે માટે ઉચિત છે. પછી ત્યાંથી પ્રસ્થાન કરી પ્રિયતમ શ્રીગોકુલેશ પ્રભુ શૂકરક્ષેત્ર પધાર્યા. દોલોત્સવનો તે દિવસ હતો; એટલે શ્રીગિરિધારી શ્રી...જીનો સમંજુલ રાજભોગ કરી, પોતાનાં સ્વજનોને, સમ્રાટને મળીને તેની સાથે થયેલી વાતચીતથી વાકેફ કર્યા અને તેમને આનંદ આપ્યો. પછી પ્રભુ ત્યાં ત્રણ દિવસ રહી, ત્યાં રહેલા સૌનો ઉદ્ધાર કરી, સર્વના મનોરથ પૂર્ણ કરી, સર્વને પોતપોતાના વાંછિત અર્થો આપી, કૃતાર્થ કરી, તથા શ્રીગંગાજીની અનુમતિ લઇ, ચૈત્ર માસના કૃષ્ણપક્ષની પાંચમે ત્રણે જગતના પતિ સેવકો સહિત ત્યાંથી વિજય કરી અને મારહર નામના ગામે આવી પહોંચ્યા. ત્યાં બિરાજી તે ગામને શોભાયમાન કરી ત્યાંના લોકોને પાવન કર્યા.

પછી મોટા દુંદુભિઓના નાદથી, વેણુ અને વીણાના રવથી, બંદી તથા ચારણોના સમૂહની પ્રશંસાથી અને જયજયકારથી સેવાના માર્ગમાં રહેલા જીવોને કૃતાર્થ કરતાં શ્રીગોકુલેશ પ્રભુ સકરા ગામમાં છઠના દિવસે બિરાજ્યા, સાતમે ખેલખેરા ગામે પધાર્યા અને આઠમે કણજોલી ગામને પાવન કર્યું. પછી પોતે ભરથાળ ગામમાં બિરાજવાની ઈચ્છા કરી, ત્યારે નિજજનોએ કહ્યું કે ગાયોની ચાલવાની અસમર્થતા ધ્યાનમાં રાખી આપ અહીંથી આગળ જવા ઈચ્છતા નથી. પરંતુ ઉત્સાહપૂર્ણ બધી ગાયો તો હવે શ્રીગોકુલની પાસે ઘણું કરીને પહોંચી ગઇ છે. તો અહીં રહેવાથી શું ફાયદો ? તો હે મહાપ્રભો ! આપ અહીંથી પ્રસ્થાન કરો. ભગવાન શ્રીગોકુલપતિ તેમના મતને અનુકૂળ થઇ આગળ ચાલી કોલા ગામની પાસે યમુનાજીના તટ પર સુખપૂર્વક બિરાજ્યા. શુભ મુહૂર્તને માટે પોતે નવમીએ પણ ત્યાં જ બિરાજ્યા અને મથુરા નગરીના, મહાવનના, પાસપાસેનાં ગામોના તથા આગ્રા નિવાસી દર્શનાર્થી ભક્તોને પ્રિય વચનો, સ્મિત અને નયન કટાક્ષોથી આનંદ આપ્યો.

વેદ ગમ્ય અનુભવી લહે, શ્રીવલ્લભ સ્વરૂપ વિચાર ।

શ્રીગોકુલેશ નિજ મુખ કહ્યો, નિજ પ્રાગટ્ય વિસ્તાર ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો આઠમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ નવમો શરૂ થાય છે ।।

તરંગ ૯

શ્રીગોકુલાધીશનું પુનઃ શ્રીગોકુલ સ્થિરવાસ :

ત્યારબાદ સં.૧૬૭૭ના ચૈત્ર વદિ દશમને બુધવારના દિવસે, દિવસ બે મુહૂર્ત ચાર ઘડી ચડ્યો હતો, ત્યારે શ્રીગોકુલેશ્વરે શ્રીમદ્ગોકુલમાં પ્રવેશ કર્યો. પ્રભુએ શ્રીગોકુલમાં પ્રવેશ કર્યો ત્યારે પરિવારજનો, ભક્તો, સેવકો, જ્ઞાતિજનો, બાળકો, વૃદ્ધો, મિત્રો, બધઅ બંધુઓ, શ્રેષ્ઠજનો, ગ્રામવાસીઓ સર્વેએ અત્યંત પ્રેમથી અને ચિરકાળથી દર્શનની લાલસાથી તેમને સત્કારવા સામે આવ્યા. આવેલા તે સૌને ભગવાને સોની સૌની યોગ્યા પ્રમાણે સન્માન્યા. કેટલાકને હાસ્યથી કેટલાકને વાણીથી, કેટલાકને ચક્ષુથી, તો બીજાઓને પાસે બોલાવીને, તથા કેટલાકને દૃઢ આલિંગનથી સન્માન્યા. તે વખતે આપશ્રીના દર્શન કરતાં તે સૌનાં હૃદયમાં ઉલ્લાસનો સાગર, આનંદાશ્રુ અને તરંગો સહિત પ્રગટ્યો. તે વખતે અનેક વિચિત્ર વાદ્યો વાગ્યા, હજારો દુંદુભિ, ભેરી, પટહ, ગોમુખ આદિ મંગલ નગારાંએ નાદ કર્યો. એમના એક મોટા અવાજથી શ્રીગોકુલમાં ક્યાંય પણ કોઇ કોઇનું બોલવું સાંભળી શક્યું નહિં. અને સૌએ હાથ, ભવાં કે આંખના ઈશારાથી સંશયરહિત વ્યવહાર કર્યો. ફેંકાયેલાં અનેક સુંદર પુષ્પોના ઢગલાઓથી સકળ શ્રીગોકુલ જાણે પ્રિયતમના આગમનથી થયેલા હર્ષના કારણે હસી રહ્યું હતું. પ્રાણેશ્વરના આલિંગન માટે લોલુપ એવાં વારંવાર ચારેબાજુ ઊછળતાં ભુજરૂપ તરંગોમાં કેટલાકે શ્રીયમુનાજીનો નિગૂઢ ભાવ જોયો.

શ્રીગોકુલેશ પ્રભુના રૂપામૃતનું પાન કરવા તૃષિત થયેલાં. શુક, કોકિલ, હંસ, સારસ અને મોર પક્ષીઓએ પોતાના ભાવનું સૂચન કરવા મધુર કુંજન કર્યું. વળી પ્રિયતમ પ્રભુના આગમનની વાત પ્રસિદ્ધ થતાં ગુલ્મ, વૃક્ષો, લતા વગેરે બધી વનસ્પતિએ નૂતન પલ્લવો વડે, પુષ્પો વડે, મધુર મધ સ્રાવ વહેવડાવીને અને મનોરમ રસયુક્ત ફૂલો વડે પોતાનો આનંદ પ્રકાશિત કર્યો. આવતી ગાયોએ વેગથી આવીને વાંછડાએ 'હંભા' અવાજ કરીને તથા પૂંછડાં ઊંચા કરીને પોતાની ઉત્સુક્તા પ્રગટ કરી. પ્રમોદથી પરિપૂરિત ભક્તજનોએ એવી રીતે ગાન કર્યું કે આખું આકાશ શબ્દમય બની ગયું. પ્રિયતમનાં વિચિત્ર ચરિત્ર, વિવિધ કર્મો, અસંખ્ય ગુણો, તે તે લીલાઓનું ભક્તોએ સુસ્વરે ગાન કર્યું, અને શ્રીગોકુલેશ પ્રભુના વિકસિત મુખનું દર્શન કરતાં કરતાં પાછળ જતી તે અતિ લાલસાવાળી સ્ત્રીઓને હર્ષાતિરેકને કારણે, પોતાના દેહાદિ વગેરેનું કશું ભાન રહ્યું નહિ.

શોભાયમાન શ્રીગોકુલમાં તે વખતે સર્વ પ્રકારે હર્ષ તથા પ્રેમ, જયજયકાર તથા મંગલ વસ્ત્રોને આભૂષણો ઉપસ્થિત થયાં; પદરવ, નૂપુરોના ઝંકાર, મોતી, રત્નો, હીરા, ભૂષણોનો ઝંકાર, વર્ધમાન ઉત્સાહ, વિવિધ ઉત્સવ, આશાના મનોરથો, સૌંદર્ય, સુગંધી, રસો, ઉત્તમ સ્પર્શ, ગાન, વીણાના નાદ, વિવિધ વિનોદ, સ્મિત, રૂચિર હાસ્ય, કોટિકૌતક, પરિહાસ, આલિંગન, સ્તંભ, સ્વેદ, કટાક્ષ, રોમાંચ, સ્વરભંગ, કંપ, હર્ષ, અશ્રુ, ધ્યાન, એકદમ દોડવું, મનોહર સુગંધી અને તે તે પ્રકારે આનંદપ્રદ વસ્તુઓ ત્યાં પગલે પગલે સર્વત્ર ઉપસ્થિત થઇ. શ્રીગોકુલેશ પ્રભુની આગળ નાના પ્રકારના રંગવાળી અસંખ્ય પવિત્ર કુંકુમ દ્રવથી, જલમાં ડૂબાડેલા સુગંધિત કૃષ્ણાગુરુના પંકથી, વિવિધ અંગરાગથી, કસ્તુરીના લેપથી, ચંદનના લેપથી તથા વિવિદ રંગોથી અને બીજા દ્રવ્યોથી આખું જગત ઉપર નીચે તથા અંદરબહાર ક્યાંક શુભ્ર, ક્યાંક પીળું, ક્યાંક લાલ, ક્યાંક શ્યામ, ક્યાંક

લીલું, ક્યાંક મિશ્રિત રંગનું, ક્યાંક કેસરી, કે ક્યાંક બે ત્રણ રંગથી રંગાઇ ગયું. રસ્તામાં વહુ, બેટી અને બેન વગેરે જેમાં બેઠાં છે તેવી સુંદર ધ્વજાપતાકા તથા મનોહર સુવર્ણ કલશથી શોભતી સેંકડો પાલખીઓ શોભતી હતી. વિવિધ રંગવાળા, સુંદર જિનથી શોભતા, સુંદર સુવર્ણ, રત્ન મોતી વગેરેની માલાઓથી વિભૂષિત થયેલા, વિવિધરંગી ષટ્ગુચ્છની શોભાયમાન પવનવેગી ઘોડાઓ, જેમના પર શ્રીગોકુલેશ પ્રભુનાં બાળકો અને સ્વજનો બેઠાં છે, તે ઘોડા શોભી રહ્યાં હતા. કેટલાક ઘોડાની લગામ રક્ષકોએ હાથમાં રાખેલી અને તે રીતે તેઓ આગળ આગળ ચાલતા શોભી રહ્યાં હતા.

સર્વઉપસ્કાર (સાધનો) સહિત, વૃષભ અને અતિવેગવાન ઘોડાઓથી ભૂષિત અસંખ્ય રથ શોભતા હતા. હાથીઓ, ઊંટ, પ્યાદા પગે ચાલતા સિપાઇ ભક્તો, ભક્તોના યુથો સર્વ બાજુએ માણસો વડે અલંકૃત કરેલો હતો, કેળના સ્તંભ માર્ગ પર રોપેલા હતા અને ત્યાં રંગોળીઓ ચીતરેલી હતી. વય, રૂપ, અને ગુણથી શોભતી સુવાસિની સ્ત્રીઓ પ્રેમ અને આનંદથી જલકલશને માથે ધારણ કરી પ્રભુનાં દર્શન કરવા સન્મુખ આવીને ઊભી હતી. તે બધી સ્ત્રીઓનું આંતરિક પ્રેમ સૂચક, તેમના મનનું પ્રબળતાથી હરણ કરનાર દૃષ્ટિ વડે, અભિનંદન કરી પ્રભુએ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. તે વખતે ત્યાં શ્રીગોકુલમાં શ્રીગોકુલેશ પ્રભુને દંડવત્ પ્રણામ કરનાર, વારંવાર સ્તુતિ કરનાર, પ્રેમપૂર્વક વારંવાર જયજયકાર શબ્દ કરનાર, અનિમેષ તેમનાં દર્શન કરનાર, તેમનાં ચરણકમળની રજ પર વારી જઇ તેને માથે ધારણ કરતાં વરંવાર ન્યોછાવરી કરતા અને હર્ષથી નાચતા, નજર વાળવા તે તે અનેક મંગલ કાર્ય કરતા, માર્ગ સંબંધી તે તે વૃત્તાંત વિષે પૂછતા ગોવર્ધન પર્વતના ધારણ કરવાના વૃત્તાંત સહિત શ્રીગોકુલના વૃત્તાંત કહેતા ભક્તોનો, વિવિદ વેદપાઠ કરતા વિપ્રો અને દૂર્વા અક્ષતાદિ વિધિવત્ હાથમાં લઇ મંત્રોચ્ચાર કરી વિનયાવત શ્રીગોકુલેશ પ્રભુના મસ્તક પર અભિષેક કરતા બ્રાહ્મણોનો, અત્યંત ઉજ્જવળ વેષ ધારણ કરતી ગોપાંગનાઓનો, સ્તુતિ કરતા માગધ, ચારણ, સૂત અને બંદિજનોનો, અધિકારીઓનો તે તે કાર્ય કરનાર માણસોનો તથા શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરવા આગળ આવતા અનેકજનોનો મોટો મેળો જામ્યો હતો. પછી સુંદર પુષ્પોના સુગંધિત તેલ અને અત્તરથી ભક્તજનોએ શ્રીગોકુલપતિને પ્રેમથી અભ્યંગ કર્યો; ત્યાર પછી આપશ્રીએ કસ્તૂરી, કુંકુમ વગેરે સુગંધિત મનોહર અનતિઉષ્ણ જલ વડે સ્નાન કર્યું. અને અંગ લૂછી વસ્ત્રપરિધાનલીલા કરી. પછી કુંકુમ ચંદનથી તિલક લીલા કરી. ત્યારબાદ શ્રીગોકુલેશ પ્રભુ શ્રી...જીના મંદિરમાં પધારી શ્રી...જીની સેવા કરી. તે વખતે ત્યાં તાલમૃદંગાદિનો નાદ થયો, ઊંચે સ્વરે ગાન અને નૃત્ય થયાં, અત્યંત હર્ષથી માગધ, ચારણ, સૂત બ્રાહ્મણ તથા બંદીજનોએ ઘોષ કર્યા, વસ્ત્ર, આભુષણ તથઅ ઉજ્જવલ મૌક્તિકમણિને સુવર્ણના હારનાં દાન થયાં. એ પ્રમાણે પ્રેમ ઉત્સાહ અને અત્યંત હર્ષથી પૂર્ણ એવો બહુ પ્રકારે ત્યાં ઉત્સવ થયો.

સ્વતઃ કારજ સ્વરૂપકો, સ્વતઃ લીલા હેત ।

વલ્લભ પ્રાગટ્ય સ્વતઃ કરી, સ્વતઃ કૃપાકે સમેત ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો નવમો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ દશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૦

શ્રીગોકુલાધીશનો ઉદાર ચરિત્ર :

પછી તે ઉત્સવ પૂરો કરી નિર્દોષ પ્રભુ ઉચ્છલિત પ્રેમવાળા ભક્તો સાથે પોતે સમસ્ત લક્ષ્મીના નિદાનરૂપ નિજમંદિરમાં પધાર્યા. ત્યાં જે અંતરંગભક્તો, રસભક્તો તથા તે માટે પાત્ર સૌએ તેમની કરૂણારસપૂર્ણ અમૃતમયી દૃષ્ટિ પ્રાપ્ત કરી. તેમણે રોમાંચિત થઇ હર્ષાશ્રું પાડ્યાં અને ઉચ્ચ સ્વરે હર્ષ વ્યક્ત કર્યો જૈ જૈ શ્રીગોકુલેશ મારો ધણી ગોકુલેશ....પછી શ્રીગોકુલેશ પ્રભુ દાનલીલા, સ્વજનોને આશ્વાસન આપવાની ક્રીડા, ભોજન મંદિરે જવાની તથા ભોજન કરવાની ક્રીડા, નિજમંદિરમાં પધારવાની ક્રીડા, કરુણારસની વર્ષા કરવાની લીલા, વિરહથી આર્ત ભક્તોને સાંત્વન આપવાની લીલા, બિરાજવાની લીલા, તે તે ભાવ પ્રગટ કરવાની અને એવી અન્યાન્ય લીલાઓ જે અમૃતથી પણ મધુર રુચિર હતી તે ત્યાં પ્રગટ થઇ. ભક્તોએ વિવિધ, અતુલ, અમૂલ્ય, સર્વોત્કૃષ્ટ જે ભેટો ધરી, તે નોકરો ઉપાડી ઉપાડીને ઘરમાં મૂકતા હતા, પણ શ્રીગોકુલપતિના તેવા મોટા ઘરમાં પણ તે સમાઇ શકી નહિ.

યવનેન્દ્રની સેવા કરીને પ્રખ્યાત થયેલો તિરુમલ નામનો એક નટ હતો, તેનો પુત્ર નિત્યાનંદ હતો. તે ભાગ્યશાળીએ પ્રભુને પ્રણામ કરી અત્યંત ભક્તિથી બહુ કિમતી અને મોટાં મોતી શ્રીગોકુલપતિના કાનમાં પહેરાવ્યાં. હવે શ્રીગોકુલેશ પ્રભુના સેવકોની સંખ્યા તેમનાં સુષ્મા, તેજ અને ઓજ કીર્તિ, માહાત્મ્ય, પરાક્રમ, ઉદારતા, રાજનીતિ, અનુભાવ પરંપરા વગેરે જોઇને તથા સાંભળી સાંભળીને, તે તે વાતો કે શક્તિનો પ્રભાવ સ્મરણ કરી કરીને તે દુષ્ટ અતિ પાખંડી સંન્યાસી શોકસમુદ્રમાં ડૂબી ગયો, અને તેમાંથી બહાર નીકળી શક્યો નહિ. તેથી શ્રીગોકુલેશજીની મહાતેજની અવજ્ઞાની તેના અહંકારનો પર્વત તૂટીને ભાંગી ગયો; શ્રીગોકુલેશ પ્રભુની નિંદારૂપી જે મોટી શિલાઓ હતી, તે શ્રીગોકુલપતિની કીર્તિરૂપ પવનથી વિક્ષિપ્ત થઇ ગઇ અને તે શિલાઓએ તે યતિ તથા તેના સેવકોના મસ્તક ઉપર વારંવાર પડીને તેમની દશા મૃત્યુથી પણ ભયંકર બનાવી. એ પ્રમાણે શૂકરતીર્થથી પાછા પધારીને શ્રીગોકુલમાં શ્રીગોકુલપતિ બિરાજી રહ્યાં હતા, ત્યારે કોઇ ભક્તવરે આવીને પૂછ્યું કે : આ પ્રમાણે આપનો તથા આપના ભક્તસમૂહનો અપરાધ કર્યો હોવા છતાં તે દુષ્ટ યતિ આજ દિન સુધી કેમ જીવતો રહ્યો છે, મરણ કેમ પામ્યો નથી ?

પ્રાણનાથે તેને કહ્યું કે તેણે ભગવદીયોના જે અપરાધ કર્યા છે, તે અપરાધો જ તેને પોતાનાં કર્મોના ફલરૂપ નિંદા અને તિરસ્કાર જ્યાં ત્યાંથી સાંભળવા મળે તે તેનું મરણ લાવતા નથી; તે અપરાધો તેને અંતે નરકમાં નાખશે. આ લોકમાં તે પોતાની જે નિંદા સાંભળિ છે, તે જ તેનું મરણ છે. આ પ્રમાણે શ્રીગોકુલમાં બિરાજીને ભગવાન શ્રીગોકુલેશે ચાંદી, સોનું, મણિ, મોતી, હીરા, એ બધાની માળાઓ કર્ણ, અંગુલિ અને હાથનાં આભૂષણો, અશ્વો, હાથી, મનોહર રથ, ધન, વસ્ત્ર, અન્ન આદિનું અનેક માણસોને દાન કર્યું; હજારો વિપ્રોને ભોજન કરાવ્યું; દેવાદારોને ઋણમાંથી મુક્તિ અપાવી; દરિદ્રોની દુર્ગતિ દૂર કરી; લગ્ન, પુત્રોત્સવ યજ્ઞોપવીત વગેરે કૃત્યો સંપાદિત કરાવ્યાં. વસ્ત્ર, અન્ન, દ્રવ્ય, તે તે વસ્તુની સહાય તથા ગૃહાદિના દાનથી પોતાના સ્વરૂપ દ્વારા કે પોતાના ભક્તો દ્વારા અનેકોનો ઉદ્ધાર કર્યો; વૈદિક કર્મ કરી વૈદિક માર્ગ બહુ પ્રકારે પ્રવર્તાવ્યો. શ્રીમદ્ ભાગવત પર સુબોધિનીજી નામની ટીકા કરીને અને અન્ય પોતાના નાના ગ્રંથો દ્વારા શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યે સ્ફુટ કરેલો, અને

ઈશ્વર શ્રીમદ્ વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)એ સુબોધિની પર ટિપ્પણી દ્વારા અને શ્રીગિરિરાજધારી પ્રભુની સેવા દ્વારા વિહિત કરેલો જે પુષ્ટિમાર્ગ છે કે જે ભગવત્પ્રાપ્તિનો માર્ગ છે, જે પ્રેમ પરાયણ અને સુંદર છે, તે પુષ્ટિમાર્ગને શ્રીગોકુલેશ પ્રભુએ કૃપા કરી ભક્તો આગળ શ્રીભાગવતાદિનું વ્યાખ્યાન કરીને આદરપૂર્વક સ્ફૂટ કર્યો, તેનું પાલન કર્યું અને તેની વૃદ્ધિ કરી.

તે પુષ્ટિમાર્ગનું અવાંતર ફલ અવતારી કૃષ્ણની પ્રાપ્તિ છે, જેનું પરમ ફલ પોતાના રસસ્વરૂપની પ્રાપ્તિ છે, તે ફલનું સદા તેઓશ્રી પોતાની કૃપાને અનુસરીને મારા જેવા નિર્મર્યાદ દાન કરે છે. તેમની કૃપા નિર્હેતુક અને દીનજનો પ્રત્યે વિશેષ કરીને હોય છે. તે તે નગરમાંથી આવતા પંડિતોને ઈશ્વર શ્રીગોકુલપતિ અમિત ધન આપે છે, અને વચનામૃતો દ્વારા તેમનું સિંચન કરે છે. રોગી, અંધ-બહેરા, પંગુ, મૂર્ખ હાથ વિનાના, વૃદ્ધ, બાળક અને અનાથનું પાલન કરતા શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલમાં બિરાજી રહ્યાં છે. એ પ્રમાણે સુચારુ અઠ્ઠાવન તરંગોમાં શ્રીગોકુલેશ પ્રભુની ભાગવતધર્મની રક્ષારૂપ લીલા ગાઈ છે. એ લીલાનું જે પઠન કરે છે, કે કીર્તન કરે છે, વર્ણન કરે છે, તેનો વિચાર કરે છે, તેની પુષ્ટિ કરે છે, તેને સાંભળે છે, કે સંભળાવે છે, તેને સેવે છે કે સ્મરે છે, તેનું અર્ચન કરે છે. તેને નમે છે, કે તેનો આદર કરે છે, તે લોકો બાહ્યાંતર સર્વ શત્રુઓ પર વિજય પામે છે. સદ્ભક્તોની સંગતિ પ્રાપ્ત કરે છે.

સ્વાર્થસાધિકા દુર્લભતમ એવી ભગવદ્ધર્મમાં તેની રતિ થાય છે; ભઘવદ્ ધર્મ પ્રત્યે તેનામાં પ્રેમ જાગે છે, ભગવદ્ધર્મમાં દૃઢ વિશ્વાસ થાય છે; ભક્તોમાં પરમપ્રીતિ જાગે છે તથા ભગવાન પ્રત્યે સ્થિર ભક્તિ ઉપજે છે, દુષ્ટ સંસર્ગમાં અરૂચિ થાય છે. શ્રીગોકુલેશની પરમ કૃપા પ્રાપ્ત કરે છે, તથા સર્વવિઘ્નો નિવૃત્ત થાય છે, પરમ ધામ શ્રીગોકુલમાં નિશ્ચલ વાસ મેળવે છે, અને ત્યાં પ્રભુમાં પરમ પ્રેમ થાય છે, ત્યાં તેમનું દર્સન, તેમની તે તે પ્રેમપૂર્ણ કથાવાર્તા અને તેમનું તેવું સ્મિત વગેરે વિશેષ વસ્તુઓની અતિદુર્લભ અનુભૂતિ થાય છે; તથા અમારા જેવાઓ પુષ્ટિમાર્ગનું જે પરમ ને મધુર ફલ છે, તે ફલ જે મુક્તિથી પણ અધિક છે, તે પણ તે સદા પ્રાપ્ત કરે છે. શ્રીગોકુલપતિ પણ જેના ગુણાનુવાદ કરે છે, તેવા પુરૂષશ્રેષ્ઠનો તે સુબુદ્ધિમાન સંગ પ્રાપ્ત કરે છે; ધર્મ, અર્થ, કામ, મોક્ષ, સિદ્ધિઓ, પરમ શ્રેષ્ઠીપદ, પરમ ઇન્દ્રપદ, સર્વભૂમિનું ઈશ્વરત્વપદ, રસાધિપતિનું પદ, સર્વફલ અને અન્યફલ પણ આમાં સમાવિષ્ટ થઈ જાય છે. વધું શું કહેવાય? પુરુષોત્તમ શેખર પ્રભુ સર્વનું મૂલ છે, તે જ ભગવાન છે, સ્વતંત્ર છે, પરમેશ્વર છે, તે સર્વેશ્વર શિરોમણી પ્રિયતમ શ્રીગોકુલાધીશ એવા જીવને પોતાના તરીકે સ્વીકારીને યોગ્યતાપૂર્વક તેને કૃતાર્થ કરે છે; તેને મનોરથથી ય અધિક ફલ આપે છે, તેઓશ્રી તેને શ્રી વશ રહે છે, તેનો કદીય ત્યાગ કરતા નથી; એવો જીવ જો શ્રીગોકુલેશ પ્રભુને પોતાને સોંપી દે, તો પોતે તેને વશ થઈ જાય છે.

સ્વતઃ કારજ સ્વરૂપકો, સ્વતઃ લીલા હેત ।

વલ્લભ પ્રાગટ્ય સ્વતઃ કરી, સ્વતઃ કૃપાકે સમેત ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો દશમો તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ એકાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૧

કલ્લોલ ૯નો ઉપસંહાર :

પ્રથમ તરંગમાં આ પ્રકારની વાત છે : શ્રીયમુનાજીની વિનંતીનું અનુમોદન કરી, સુમુહૂર્તનો નિશ્ચય કરી, બધું તૈયાર કરી શ્રીગોકુલેશ પ્રભુએ સોરમજી (શૂકરક્ષેત્ર)તીર્થ પ્રતિ પ્રસ્થાન કર્યું; પ્રભુના અનન્ય ભક્તે આધિભૌતિક શ્રીગોકુલને આશ્વાસન આપ્યું, શ્રીગોકુલની પાસે બૃહદ્વન નામની જગા નગર જેવી બની, શ્રીગોકુલની શોભા વધી; પછી બ્રહ્માંડતીર્થમાં ૨૦ દિવસ બિરાજ્યાં. તથા ત્યાં તે કુટિલ સંન્યાસીના વચનનો નિરાદર કર્યો. બીજા તરંગમાં આ પ્રકારની ઘટના છે : દુષ્ટ યતિની પ્રભુના ઉત્તરથી ઝાંખા પડી જવાની તથા તેના પ્રલાપની વાત મેં કહી છે. તે સાંભળીને ભગવાનનું અમૃતના સાગર જેવું વચન, જયજયકાર શબ્દથી અસુરનો માનસિક ક્લેશ, ભગવાનનું ગોવર્ધન પ્રતિ સ્વપ્રભુ શ્રીગોવર્ધનધારીના દર્શનાર્થે ગમન, અને ત્યાંથી આગમન. મ્લેચ્છસમ્રાટના પત્રની પ્રતિક્ષા કર્યા વિના જ સોરમજી ગામે ગમન, ત્યાંથી ચંદ્રતાલ પાસે ડેરા નાખવો, જે ડેરામાં ગંભીરા ગામના મુખી આલમરાયનું વેશ્યા સહિત ભક્તિપૂર્વક આગમન, તે વેશ્યા પ્રતિ પ્રભુની કરુણા, તેજ પ્રમાણે વીરભદ્ર પર કરુણા કરી, દીવડી ગામે વિધવા ભિક્ષુણી સાતે વિનોદ કર્યો કે શું તમને વિધવાઓને પતિ વહેંચીને આપું ? પછી સુંદર પુષ્પોનું તેલ ગંધેરી ગામની સીમમાં રેડાઇ ગયું, ત્યાં સુધીની વાત બીજા તરંગમાં છે.

ત્રીજા તરંગમાં આ પ્રમાણે પ્રસંગ આવે છે : શૂકરતીર્થમાં પ્રભુનો પ્રવેશ, ત્યાંના ઊંચા કિનારે સેવકોએ ભૂમિ સમતલ કરી, ત્યાં ડુંગરજી નામના રાજપુત્રનો સમાગમ થયો, અનેક દુર્નિવાર ચોરોના ત્રાસની વાત વાત્સલ્યપૂર્વક લોકોએ કરી, તેમનું સમાધાન પ્રાણેશ્વરે કર્યું. ભાગરથીને કૃતાર્થ કરી, શ્રી...જીની સેવા કરી, બીજે દિવસે પ્રાત:કાળમાં શ્રીગોકુલપતિનો મહોત્સવ ભક્તોના પરિતોષ સંતોષ પૂર્વક માણ્યો. ચોથા તરંગમાં આ પ્રસંગ આવે છે : પુત્ર મરી જવાથી પ્રભુના પ્રભાવથી ડરીને ચોર ચોરેલા બળદને પાછો મૂકી ગયો, અષ્ટતીર્થોને પાવન કર્યાં, લોકોને દર્શનાદિથી કૃતાર્થ કર્યાં, દુર્બુદ્ધિ યતિએ પત્ર લખી અન્નાદિનું વેચાણ બંધ કરાવ્યું, ઉદ્યમ નામના વણિકે પ્રભુ પાસે આવી સર્વ કાંઇ વેચવાની વિજ્ઞાપના કરી, તે પ્રકારની રાજનીતિથી સર્વ વણિકોએ પ્રભુ પાસે આવી સર્વ કાંઇ વેચવાની ઈચ્છા બતાવી; અહીં મોહનરાય તથા પ્રલ્લાદ ગુરાહર પ્રભુને શરણે આવ્યા અને તેમણે ઘાસ તથા કાષ્ટ વગેરેની સો કરી, માગસર સુદ પૂનમે પ્રભુએ ચંદ્રગ્રહણનું સ્નાન કર્યું, પછી શ્રીભામિની વહુજીને આશ્વાસન આપવા શ્રીગોકુલપતિ શ્રીગોકુલ પધાર્યા, સત્યવાક્ પ્રભુએ ભોજનશયનાદિ પોતાનું ઘર છોડી પુષ્પાવતીના ઘેર જ કર્યું, પછી પોતે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા શ્રીગિરિરાજ પધાર્યા, ત્યાંથી પાછા પધાર્યા અને વિહારી કવિને ઘોડો ભેટ આપ્યો.

પાંચમા તરંગમાં આ પ્રમાણે આવે છે : મેઘઘટાને વચન માત્રથી પ્રભુએ દૂર કરી દીધી, પછી કાશ્મીરથી યવનસમ્રાટ એકદમ આગ્રા આવ્યો, માર્ગમાં તેને પેટનું શૂલ ઉપડ્યું, તે દૂર કરવા સારંગદેવના હાથે મથુરામાં બ્રાહ્મણોને વહેંચવા સુવર્ણ મોકલ્યું, તેની પ્રિયા બેગમે કહ્યું કે શ્રીગોકુલેશ પ્રભુને શ્રીગોકુલ છોડવાનું કહ્યું, તેથી અપરાધ થયો, તેથી શૂલ થયું છે, શ્રીગોકુલેશના સ્મરણમાત્રથી શૂલ દૂર થઇ ગયું, યતિએ તે સુવર્ણ લઇ લીધું, યવનસમ્રાટ અને તેની બેગમે તેના પર ક્રોધ કર્યો, દિલ્હીમાં એક ફકીર સાથે જહાંગીરની વાતચીત થઇ, તે વખતે તેણે યતિની નિંદા કરી અને પ્રાણનાથની યથાર્થ પ્રશંસા કરી, પરિણામે બાદશાહને પશ્ચાતાપ થયો. છઠ્ઠા તરંગમાં આ પ્રસંગો આવે છે : મ્લેચ્છપતિનું આગમન અને પોતાની પાસે બાદશાહ

આવે, એવી પ્રતિક્ષા કરતો યતિ, બાદશાહ પોતાની પાસે ન આવતાં, ઝાંખો પડી ગયો, તે યતિનો અને તેના સેવકોનો બાદશાહ તથા તેની બેગમ તથા બધાંએ તિરસ્કાર કર્યો અને પ્રાણનાથ વિષેની સાચી વાત જાણી.

સાતમા તરંગમાં : જેમ જેમ યવનસમ્રાટ શ્રીગોકુલ પાસે આવ્યો હતો, તેમ તેમ તે શ્રીગોકુલને અત્યંત તેજહીન જોતો હતો; નિકટવર્તી સેવકોને પૂછ્યું કે આ ગામડા જેવું શું છે? ત્યારે તમેના ઉત્તરથી વિસ્મય પામ્યો; તેણે પ્રભુના ગુણ જાણી આસફખાનને કહ્યું કે તેમને પાછા બોલાવો; શ્રીગોકુલેશ પ્રભુના સંબંધથી જેણે માલા ત્યાગ કર્યો હતો, તેમને યવનેશે માલા આપી, યવનેશે પ્રભુની સ્તુતિ કરી બતાવી. તેથી તેઓ ઝાંખા પડી ગયા અને તે યવનેશ જહાંગીર આગ્રા આવ્યો, ગોધૂ દ્વારા તે સમ્રાટનો અભિપ્રાય જાણી શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન થયા; પછી આસફખાનનો પત્ર શ્રીગોકુલેશ પ્રભુના ભાણેજ મધુસૂદન ભટ્ટ લાવ્યા; આઠમા તરંગમાં : પ્રિયતમ પ્રભુએ આસફખાન અને જહાંગીરને દર્શન આપ્યાં, શ્રીગોકુલમાં રહેવા સંબંધી મંજુલ વાતચીત તેમની સાથે થઇ; પોતાની સંપત્તિ બાબત મુકુંદદાસ સાથે વાતચિત, પ્રભુએ તેનો સ્વીકાર કર્યો, ત્યાંથી પધારી શૂકરક્ષેત્રમાં ત્રણ દિવસ બિરાજ્યા, પછી શ્રીગોકુલ તરફ પ્રસ્થાન કર્યું, કોયલાગ્રામ પાસે આવી પહોંચ્યાં અને ત્યાં શ્રીગોકુલપતિ બે દિવસ બિરાજ્યાં.

નવમાં તરંગમાં આવે છે કે : મહામહોત્સવપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલમાં પ્રવેશ કર્યો. દશમાં તરંગમાં : પ્રભુએ નાનાવિધ લીલા કરી, ભક્તોએ તેમને ભેટધરી, નિત્યાનંદે શ્રીગોકુલેશ પ્રભુને મોતી પહેરાવ્યાં, પ્રભુના ઉત્કર્ષથી તે જ ક્ષણે દુષ્ટ સંન્યાસીને તાપ થયો, તેનું જીવન એ જ મરણ છે. એમ શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું, ત્રણે જગતના પતિ શ્રીગોકુલેશ પ્રભુએ અનેક જીવો પર વિવિધ પ્રકારનો અનુગ્રહ કર્યો; તે ઉપરાંત ભગવાનની આવી લીલાના પાઠાદિના વિવિદ ફલ પણ વર્ણવ્યાં.

એકાદશ તરંગમાં : આગળના દશે તરંગોના અર્થો સંક્ષેપમાં કહ્યાં, કે રસિકજનો, પ્રેમથી કોમલ બનેલા ચિત્તમાં એ બધું ધારણ કરી, શ્રીમદ્‌ગોકુલ સર્વસ્વને પ્રાપ્ત કરાવનાર, મધુર ફલરૂપ સર્વને સર્વ ઇષ્ટ આપનાર; સર્વનું સર્વ અનિષ્ટ નષ્ટ કરનાર છે.....

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુનો ભાગીરથીકૃતાર્થકરણ નામના નવમા કલ્લોલનો એકાદશમો તરંગ પૂરો થયો।।

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત ભાગીરથીકૃતાર્થકરણ નામનો

કલ્લોલ નવમો સંપૂર્ણ થયો.

નવમાં કલ્લોલના કુલ શ્લોક ૫૨૩ ૧/૨

।। શ્રીગોકુલેશો જયતિ ।।

કલ્લોલ ૯ (તરંગ ૧ થી ૩)



સં.૧૯૭૭ના કારતક સુદ ૫ થી માગસર સુદ ૯ શ્રીગોકુલનાથજીએ તિલક–માલોદ્ધાર માટે કરેલો પ્રવાસ. શ્રીગોકુલ થી સોરમ

શ્રીગોકુલ ત્યાગ

।। શ્રીગોકુલેશો જયતિ ।।

કલ્લોલ ૯ (તરંગ ૮ થી ૯)

સં.૧૭૭૭ના ચૈત્ર વદ ૫ થી ચૈત્ર વદ ૧૦ શ્રીગોકુલનાથજીએ તિલક–માલોદ્ધાર માટે કરેલો પ્રવાસ. સોરમ થી શ્રીગોકુલ

શ્રીગોકુલ પુન: પધારવું – સ્થીર વાસ

શ્રીગોકુલેશ પાઠશાળા - વિશેષ અંક

શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ

કલ્લોલ ૯

વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫. ૨૦૬૭
ગુર્જર આસો વદ ૫. ૨૦૬૬

માલા પ્રસંગનું પદ

राग भैरव

श्रीगोकुलके नाथ फिर गोकुल बसायौ ।।
प्रगट प्रताप भक्तन मन भायौ ।।१ ।।

साची तेरी टेक जेसै निगमन भाखी ।।
भाल तिलक माल मरजादा राखी ।।२ ।।

जब प्रभु रीझे आप अपनपो दियौ ।।
तब तिहारै हृदयकौ सुप्रेम नाम लीयौ ।।३ ।।

श्रीविट्ठलकुलभान सकल कला गुणनिधान ।।
श्रीगोकुलनाथ गुसांइ कलिमें कल्पतरु ।।४ ।।

इतनों मांगत हों दीजिये दरशन ।।
अब तिजोपन आयौ, यौं कहत है गिरधर ।।५ ।।